(કચ્છના કેળવણીખાતાસારૂ મંજૂર થયેલી.)

કચ્છની લઘુ ભૂગોળવિદ્યા.

(ઇતિહાસ, ધર્મ, અને જૂની ઇમારતો સંબંધી
હકિકત તથા કચ્છના નકશા સાથે કચ્છના
કેળવણી ખાતાના ઉપયોગસારૂ.)

કચ્છના (માજી) એજ્યુકેશનલ ઇન્સ્પેકટર

અને

મહારાજાધિરાજ મહારાવ શ્રી સર ખેંગારજી સવાઇ બહાદુર
જી. સી. આઇ. ઈ. ના વિદ્યાગુરૂ,

રાવસાહેબ દલપતરામ પ્રાણજીવન ખખ્ખર,

જે. પી.

એમણે રચ્યા.

આવૃત્તિ આઠમી.

---:o:---


મુંબઈ, સીતારામ બીલ્ડીંગ્સમાં

જગ[illegible] ગણે[illegible]ના "ઇકોનોમીક પ્રીન્ટીંગ વર્કસ" માં છાપી.

વેચનારાઓ { દરબારી બુકડિપો, ભુજ.
એન. એમ. ત્રિપાઠીની કંપની, મુંબઈ.
પંડિત ત્ર્યંબકરામ મુકુંદજી, મુંબઈ.

સંવત ૧૯૬૮.—ઇસવી સન ૧૯૧૨.

મૂલ્ય કોરી ૦॥~ એટલે રૂ ૦)=॥



૧-૧-૧૨ શ્રી કરૂણેશ પ્રિંટિંગ પ્રેસ, ગિરગાંવ, મુંબઈ.

(કચ્છના કેળવણીખાતાસારૂ મંજૂર થયેલી.)

કચ્છની લઘુ ભૂગોળવિદ્યા.

(ઇતિહાસ, ધર્મ, અને જૂની ઇમારતો સંબંધી હકિકત તથા કચ્છના નકશા સાથે કચ્છના કેળવણી ખાતાના ઉપયોગસારૂ.)

કચ્છના (માજી) એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર

અને

મહારાજાધિરાજ મહારાવ શ્રી સર ખેંગારજી સવાઇ બહાદુર જી. સી. આઇ. ઇ. ના વિદ્યાગુરૂ.

રાવસાહેબ દલપત્તરામ પ્રાણજીવન ખખ્ખર, જે. પી.

એમણે રચી.

આવૃત્તિ આઠમી.

—:o:—

મુંબઇ, સીતારામ બીલ્ડીંગ્સમાં

જગજીવન ગણેશજીના "ઇકોનૉમીક પ્રીન્ટીંગ વર્કસ" માં છાપી.

વેચનારાઓ { દરબારી બુકડિપો, ભૂજ.
એન. એમ. ત્રિપાઠીની કંપની, મુંબઇ.
પંડિત જ્યેષ્ઠારામ મુકુંદજી, મુંબઇ.

સંવત્ ૧૯૬૮.—ઇસવી સન ૧૯૧૨.

મૂલ કોરી ૦॥= એટલે રૂ ૦)≈॥

સંસ્થાન કચ્છના મહારાજાધિરાજ

મીર્ઝાં મહારાવ શ્રી સર પ્રાગમલ્લજી બહાદુર,

જી. સી. એસ. આઇ.

એઓને

આ લઘુ ગ્રન્થ,

પોતાની પ્રજામાં વિદ્યાવૃદ્ધિ અને સુધારો કરવામાં બહુ

ઇચ્છા ને પ્રેમ દેખાડવાથી,

એમના આભારી સેવક ગ્રંથકર્ત્તા

દલપતરામ પ્રાણજીવન ખખ્ખર.

એમણે

પરમ સત્કારપૂર્વક

અર્પણ કર્યો.

પ્રસ્તાવના.

મ્હારી અસલ કચ્છની ભૂગોળવિદ્યામાંથી બાળક વિદ્યાર્થીઓને મૂળથી ઉપયોગી ધારેલો એવો ભાગ જૂદો પાડીને મેં આ લઘુ શાળોપયોગી ગ્રંથ કર્યો છે. એમાં વસ્તિના આંકડા સને ૧૮૯૧ ની નવી ગણત્રિ પ્રમાણે મૂકયા છે, તથા સમયને અનુસરીને કોઈ કોઈ ઠેકાણે સહેજ ઉમેરો કર્યો છે. એ ફેરફાર કચ્છ કેળવણીખાતાના કેટલાએક અધિકારી તથા મહેતાજીઓએ મેળવેલા તથા મ્હારા અનુભવને અનુસરીને કર્યા છે. એની કિમ્મત પણ ઘણી ઘટાડી છે. પ્રશ્નોત્તર ચોપડીઓ ભારે નુકસાનકારક હોવાથી યુરોપના સર્વ દેશના કેળવણીખાતાએ તેનો નિષેધ કીધેલો છે, તેથી જ સરકારી કેળવણીખાતામાં કોઈ પણ પ્રશ્નોત્તર પુસ્તકનો ઉપયોગ નથી કરતા, તેમજ લૂખી લૂખી ભૂગોળ છોકરાઓને યાદ રહેતી નથી માટે જ રસિક વિષય દાખલ કીધા છે. માટે તેવા પ્રશ્નોત્તર કે લૂખાં પુસ્તકથી ચેતતા રહેવું. મૂળ ભૂગોળ કેવા શોધ અને શ્રમથી કીધેલી તથા તેના વિષે મેહેરબાન **કાજી શાહબુદ્દિન**, **દિવાન બાહાદૂર મણિભાઈ**, **રા. બ. હરગોવિંદદાસ દ્વારકાદાસ**, **ખા. બ. જમશેદજી અરદેશર દલાલ**, અને મરહુમ **કર્નલ રીવ્ઝ** તથા બીજા અધિકારીઓના કેવા ઉંચા અભિપ્રાયો છે તે મોટા ગ્રંથની ત્રીજી આવૃત્તિમાં છાપેલા છે તેથી આમાં દાખલ કીધા નથી.

મુંબઈ, તા. ૧-૫-૧૮૯૭.

દલપતરામ પ્રાણજીવન ખખ્ખર.

અસલ કચ્છની ભૂગોળની મ્હોટી આવૃત્તિ વિદ્યાર્થીઓને તેમજ સામાન્ય રીતે સર્વને ઉપયોગી થઈ પડે, માટે તેમાં વધારે હકિકતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પાછળથી કેવળ વિદ્યાર્થીઓને જ ઉપયોગી થાય તેટલા માટે આ લઘુ ગ્રંથ બાહાર પાડવામાં આવ્યો. હાલમાં તેની પ્રતો ખપી જતાં વિશેષ માગણી થવાથી આ નવિન આવૃત્તિ બાહાર પાડવામાં આવી છે. તા. ૧૮ મી અકટોબર સને ૧૯૦૬.

સં. ૧૯૬૩ ના કાર્ત્તિક શુદિ ૧
રાવસાહેબ ખખ્ખર બિલ્ડિન્ગ્સ,
ગિરગામ, મુંબઈ.

મગનલાલ દ૦ ખખ્ખર.

મહેતાજીઓને સૂચના.

પરીક્ષા ટાણે જોવામાં આવ્યું છે કે કેટલાક મહેતાજીઓ ચોપડી શીખવવા પહેલાં તેની પ્રસ્તાવના કે "મહેતાજીઓને સૂચના" ઉપર જરાએ લક્ષ આપતા નથી, તેથી જેવી રીતે પુસ્તક શીખવવું જોઇએ તેવી રીતે શીખવાતું નથી, અને પરીક્ષા વખતે પરિણામ જેવું જોઈએ તેવું આવતું નથી. આ ભૂગોળ અથવા બીજી બધી શાળોપયોગી ચોપડી શીખવવા અગાઉ મહેતાજીઓ સૂચના ઉપર ધ્યાન આપશે તો ઓછી મહેનતે સારૂં પરિણામ જરૂર આવશે; માટે મહેતાજીઓએ શીખવવા પહેલાં સૂચના ઉપર જરૂર ધ્યાન આપી શીખવવું.

કેટલાક મહેતાજીઓ જે પહેલાં લખ્યું હોય તેજ શીખવવું એમ સમજી એકદમ વ્યાખ્યાઓ ગોખાવવા મંડે છે. પરંતુ છોકરાઓને તે એકદમ સમજ ન પડવાથી બરોબર આવડતી નથી. પ્રથમ તો જે તાલુકામાં નિશાળ હોય તે તાલુકાથી છોકરા વાકેફ હોય માટે તે શીખવવા માંડવો. છોકરાને હરેક વાત શીખવતી વખતે જાણ્યા ઉપરથી અજાણ્યા ઉપર હમેશ લઇ જવા; એટલાજ માટે જે વાતની મોટા માણસને સમજ પડતી નથી તે તેને પણ જાણીતું દ્રષ્ટાંત આપીને સમજાવવામાં આવે છે. ભૂગોળ શીખવતાં પહેલાં જે ઓરડામાં વર્ગ હોય તેની દિશા છોકરાએ પાસે કહેવડાવવી, કાળા પાટીઆ ઉપર લખવી, ત્યાર પછી પાટીઆ ઉપર તે ઓરડાના ભીંયતળીઆનો નકશો છોકરાઓને પૂછી પૂછીને ચોકવતી કહાડવો. બીજા ઓરડાઓનો એવી જ રીતે નકશો કહાડી તમામ નિશાળનો નકશો પૂરો કરી તેમને સમજાવવું કે આ નિશાળ મોટી છે તેનો આ નાનો નકશો છે, તેમજ કચ્છ મ્હોટું છે તેનો કાગળ ઉપર આ ન્હાનો નકશો કરેલો છે. એથી નકશો એટલે શું તેનું જ્ઞાન ભણનારને થશે. નિશાળની જગા લાંબી હોય તો તેનો જાણી જોઇને ચોરસ નકશો અને ચોરસ હોય તો લાંબો પાડી છોકરાઓને પૂછવું કે આ બરાબર છે?

સ્વાભાવિક રીતે હુશિયાર છોકરાને શક આવશે, ને તે બોલી ઉઠશે કે આ બરાબર નથી. પછી તેમની પાસે ખરૂં કહેવડાવી નકશો સુધરાવવો, જેથી તેમના મનપર બરાબર ઠસશે. એ કરી રહ્યા પછી નિશાળની બાજુની દિશા પ્રમાણે થોડાંક ઘરો, શેરીઓ, કે ખાલી જગાઓ જે હોય તે પાડીને છોકરાને પૂછી તેમની પાસે જ કહેવડાવવું કે આ તે ફલાણી જગાનો નકશો છે. તે પૂરો થઈ રહે કે આગળ વધવું—ગઢ હોય તો તે આળેખવો, તેમાં મુખ્ય રસ્તા હોય કે દરબારગઢ હોય તેનાં નિશાન પણ પાડવાં, અને છોકરાઓ પાસે તે ઓળખાવતા જવું. ત્યાર પછી તે ગામની આસપાસ બીજાં ગામો હોય તે પોતાના ગામના નાકા (દરવાજા કે ઝાંપા) બહારથી જે દિશા તરફ રસ્તો જતો હોય તે તરફ રસ્તાની લીટી દોરી અંતરના પ્રમાણમાં છેટે ટપકું મૂકી છોકરાઓને પૂછવું કે આ ઠેકાણે કયું ગામ આવ્યું? છોકરા ખરૂં કહે તે મૂકવું. એ પછી તળાવ, નદી, ડુંગર, વિગેરે સારૂ નકશામાં કેવાં ચિન્હથી બતાવવામાં આવે છે તે પાડીને સમજણ પાડવી. ત્યાર પછી ગામની આસપાસની નદી, તળાવ, ડુંગરો વિગેરે પાડીને પૂછવું. પ્રથમ ગામનો એકલોજ નકશો પાટીઆપર કહાડવો, તે પછી તે ભૂસી નાંખી ન્હાના પ્રમાણમાં તે જ પાડી આસપાસનાં ગામો વિગેરે ઉપર કહ્યું તેમ પાડવાં; તે ભૂસી આસપાસનાં બીજા ગામો, ડુંગર, નદી,.વિગેરે બતાવવાસારૂ તેથી ઓછા પ્રમાણમાં ધરવાં. તેની સાથે એ વિષયમાં રસ પડે એવી ઐતિહાસિક, હુન્નર, ખેતી, દેવસ્થાન, મેળા, વિગેરે સંબંધી હકિકતો કહેવી. એ પ્રમાણે આખા તાલુકાનો નકશો પૂરો કરવો ને તેમાં વારેવારે છાપેલો નકશો બતાવવો, પછી તે શીખવી રહ્યા એટલે પડોસના તાલુકાનો નકશો એનાથી નાના પ્રમાણમાં એવી જ રીતે કહાડી તેની મોટી મોટી વાતો એ જ પ્રમાણે શીખવવી. એ પ્રમાણે પોતાના તાલુકાની આસપાસના તાલુકાના નકશા શીખવી રહ્યા પછી તેની પડોસના તાલુકા તેની સાથે સાંધી નકશા પાડી શીખવવા. એ પ્રમાણે આખા કચ્છનો નકશો શીખવવો. તેમાં જેમ જેમ દૂર

જાઇએ તેમ તેમ ઝીણી બાબતો પડતી મૂકી મોટી શાખવવી. પોતાનો તાલુકો તથા પોતાની ચારે દિશાપર લગોલગ એ ત્રણ તાલુકા આવેલા હોય, તે શાખવવા, પછી ભૂગોળનું બીજું પ્રકરણ શાખવવું. એમાં તમામ ઝીણા અક્ષરોની નોટ છે તે છોકરા સારૂ નથી. બીજા પ્રગણામાં બાળબોધ અક્ષરથી જે છાપેલું છે તે સઘળું મોઢે જરૂર આવડવું જોઇએ. પોતાના પ્રગણાવિષે ઝીણા અક્ષરવાળું લખેલું છે તે તો છોકરાઓને મહેતાજીએ કહેવું જોઇએ, તેમજ રણવિષે સાધારણ જ્ઞાન આપવું. નદી, ડુંગર, વિગેરે જેમ જેમ આવતાં જાય તેમ તેમ તેની પાટીઆપર ઉપર કહ્યા પ્રમાણે સમજ પાડવી; પછી તેની વ્યાખ્યા ગોખાવવી, પરંતુ ભૂગોળના આરંભે જ વ્યાખ્યા ગોખાવવી નહીં. રાજ્યરીતિમાંથી બારીકીથી શાખવવાનું નથી; પરંતુ તેનું સાધારણ જ્ઞાન મળે તો બસ છે. એ થઈ રહ્યા પછી પડોસના **સિંધ, કાઠિયાવાડ,** અને **ગુજરાતની ભૂગોળ, હોપસાહેબની ભૂગોળવિદ્યાનાં મૂળતત્ત્વો, ભાગ ૧** લા માંથી શાખવવાં. ભૂગોળ કેવી રીતે અને કેટલી શાખવવી તે વિષે તે ભૂગોળમાં 'મહેતાજીઓને સૂચના' માં જણાવેલું છે.

ક૦ પ્રા૦ ખ૦

कच्छनी लघु भूगोळविद्या.

प्रकरण १ लुं.

भूगोळनुं सामान्य वर्णन.


પૃથ્વીનો આકાર, પરિમાણ, ગતિ, અને દિશા.

भूगोळविद्या શબ્દનો અર્થ—ભૂ એટલે પૃથ્વી, ગોળ એટલે ગોળો, અને વિદ્યા એટલે જ્ઞાન—પૃથ્વીના ગોળાવિષેનું જેથી જ્ઞાન થાય તે. પૃથ્વી ગોળ છે એ ઘણા કારણોથી જાણી શકાય છે; એક તો એ કે જે લોકો વહાણમાં બેસીને તેની ચારે મેર ફરી આવ્યા છે તેઓ જે સ્થળેથી નીકળેલા તેજ સ્થળે ઘણું કરીને દિશા ફેરવ્યા વગર પાછા આવ્યા છે, બીજું પૃથ્વીની છાયા ચંદ્ર ઉપર ગ્રહણ વખતે પડે છે તે ગોળ દેખાય છે. ત્રીજું ઉત્તર દિશાએ જેમ જેમ જઇએ તેમ તેમ ઉત્તર ધ્રુવનક્ષત્ર ઊંચે આવતું જણાય છે, અને દક્ષિણ તરફ જઇએ તો તે નીચું થતું થતું અને અંતે દેખાતું બંધ થઇ જાય છે, ચોથું પૂર્વ દિશા તરફના દેશોમાં પશ્ચિમના દેશો કરતાં સૂરજ પહેલો ઉગતો દેખાય છે, અને પાંચમું દૂરના પદાર્થનો ઉપલો ભાગ પહેલો અને નીચેનો ભાગ પછી જેમ જેમ પાસે આવતો જાય તેમ તેમ દેખાય છે, તે આંખ અને તે પદાર્થ વચ્ચે પૃથ્વીનો ગોળ ભાગ આવી જવાને લીધે છે. પૃથ્વી સંપૂર્ણ ગોળ નથી; ઉત્તર દક્ષિણ નારંગીની પેઠે કાંઇક ચપટી છે.

પૃથ્વીનો પરિઘ એટલે ઘેરાવો સુમારે ૨૪,૮૭૬ મૈલ છે અને તેનો વ્યાસ—એટલે એક છેડેથી મધ્ય બિંદુમાં થઇ ને બીજા છેડા સુધીની દોરી—૭,૯૧૨ મૈલ છે. પૃથ્વીની બધી સપાટીનો સુમારે એક ભાગ જમીન અને ત્રણ ભાગ પાણી

છે. પૃથ્વી સ્થિર દેખાય છે પણ તે સ્થિર નથી—એ તો સદા ફરતી છે. એને બે ગતિ છે. એક પોતાની ધરીપર પોતાની આસપાસ પશ્ચિમથી પૂર્વ ભણી ફરે છે તેથી સૂર્ય, ગ્રહ, અને તારા પૂર્વથી પશ્ચિમ ભણી જતા દેખાય છે અને તેથી રાત અને દિવસ થાય છે; અને બીજી એમ ફરતાં છતાં સૂર્યની આસપાસ વરસ દહાડે એકવાર ફરી રહે છે તેથી ઋતુ તથા વરસ થાય છે.

જે તરફ સૂર્ય ઉગતો દેખાય છે તે पूर्वदिशा, પૂર્વ તરફ મ્હો કરીને ઉભીએ તો વાંસા ભણી पश्चिम दिशा, ડાબા હાથ તરફ उत्तर दिशा, અને જમણા ભણી दक्षिण दिशा જાણવી. એ મુખ્ય ચાર દિશા છે. એ સિવાય ચાર ખૂણા છે—अग्नि, नैर्ऋत्य, वायव्य, અને ईशान.



जमीन अने पाणीना भाग.

જમીન પૂર્વ ગોળાર્ધમાં અથવા ઉત્તર ગોળાર્ધમાં બીજા ગોળાર્ધ કરતાં ઘણી છે. જમીનના બે ભાગ કીધા છે. पूर्व કે प्राचीन महाद्वीप અને पश्चिम કે नवो महाद्वीप. નવો એટલા માટે કે કોલમ્બસ નામના વહાણવટીએ ઈ. સ. ૧૪૯૨ માં શોધી કહાડ્યા અગાઉ તે जूना महाद्वीपना લોકોને માલમ ન હતો.

जमीनना भागनी व्याख्या.

૧. જેમાં ઘણા દેશ આવેલા હોય એવા જમીનના મોટા

ભાગને खंड કહે છે. पूर्व મહાદ્વીપમાં एशिया, युरोप, અને आफ्रिका એ ત્રણ ખંડો છે, ને પશ્ચિમ મહાદ્વીપમાં એકજ अमेरिका ખંડ છે તેના उत्तर अमेरिका અને दक्षिण अमेरिका એવા બે ભાગ છે. એ સિવાય आस्त्रेलेशिया અથવા ओशियानिया નામે એક પાંચમો ખંડ કોઈ ગણે છે. તે પાસિફિક મહા-સાગરમાંના બેટોનો બનેલો છે.

૨ જમીનનો જે ભાગ ચોતરફ પાણીથી વિંટાયલો હોય તેને द्वीप, बेट, કે टापु કહે છે.

૩ જમીનનો જે ભાગ ઘણી બાજુએ પાણીથી વિંટાયલો છતાં એક બાજુએ જમીન સાથે સંધાયલો હોય તેને द्वीपकल्प કહે છે.

૪ બે બાજુએ પાણી હોય એવો જમીનનો જે સાંકડો ભાગ જમીનના બે મોટા ભાગને સાંધે તેને संयोगभूमि કહે છે.

૫ જમીનની જે અણી વધીને સમુદ્રમાં ગયેલી હોય તેને भूशिर, કે भूशलाका કહે છે. તેના છેડાને बिंदु કહે છે.

૬ પૃથ્વી ઉપર ઘણા ઉંચા લાંબા અને પહોળા ટેકરા હોય છે તેને पहाड કે डुंगर કહે છે. એવા એવા ઘણા ટેકરા એક બીજા સાથે સંધાઈને ઘણા ગાઉ સુધી લાંબા ચાલ્યા ગયા હોય તેને पर्वत, અને બહુ ઉંચા નહીં હોય અને બહુ લાંબા ન ગયા હોય તો તેને धार કહે છે.

पाणीना भागनी व्याख्या.

૧. પૃથ્વીના મોટા ભાગ ઉપર ફેલાયલો જે પાણીનો સમુદાય તેને महासागर કહે છે.

પૃથ્વીપર મહાસાગર તો એકજ છે, પણ તેના પાંચ ભાગ કલ્પેલા છે. તે પૃથ્વીના ખંડને મળતા સમજવા.

૧. पासिफिक महासागर એ સર્વેથી મોટો એશિયા અને અમેરિકા ખંડની વચ્ચે છે.

૨. आटलांटिक महासागर તેથી ઉતરતો છે. એની પૂર્વે યુરોપ અને આફ્રિકા, તથા પશ્ચિમે અમેરિકા ખંડ છે.

૩. हिंदी महासागर તેથી નાનો એશિયાની દક્ષિણે છે.

૪. उत्तर महासागर તેથી નાનો ઉત્તરધ્રુવની આસપાસ છે.

૫. दक्षिण महासागर દક્ષિણધ્રુવની આસપાસ છે.

૨. જમીનને લગતો મહાસાગરનો જે મોટો ભાગ તે समुद्र કે सागर. એ જમીનના દેશને કંઈક મળતો સમજવો.

૩. સમુદ્રનો જે ભાગ જમીનથી ઘણો ખરો ઘેરાયલો હોય તેને अखात કહે છે. જમીનના દ્વીપકલ્પથી ઉલટો.

૪. અખાતનું મ્હો પહોળું હોય તેને उपसागर કહે છે.

૫. પાણીના બે મોટા ભાગને જે પાણીનો નાનો ભાગ સાંધે તે सामुद्रधुनी० જમીનની સંયોગીભૂમિથી ઉલટી.

૬. પાણીનો જે ભાગ જમીનથી ચોતરફ ઘેરાયલો હોય તેને सरोवर કહે છે. નાનો હોય તો તેને तळाव કહે છે. જમીનના દ્વીપથી ઉલટું.

૭. પાણીનો જે પ્રવાહ પર્વત અથવા સરોવરમાંથી નીકળી ઢળતી જમીનપર થઈને સમુદ્ર કે સરોવરને મળે તેને नदी કહે છે. નદી જ્યાંથી નીકળે તે તેનું મૂળ, અને જ્યાં મળે તે તેનું मुख કહેવાય છે. એને મળતો જમીનનો ભાગ નથી.

૮. સમુદ્રનો સાંકડો પટ કે ભાગ જમીન ઉપર ધસી આવે તેને खाडी કે नाळ કહે છે. ખાડીમાં કે નદીના મુખમાં વહાણ આવી માલ જે જગાએ ચઢાવે ઉતારે તેને बंदर કહે છે.

૯. એક દિશામાંથી બીજી દિશામાં જે નદીઓના સમુદાયનું વહેવું તેને नदीक्रम કહે છે.

૧૦. અમુક ઉંચાણ પ્રદેશ, જેની સામ સામેની દિશામાંથી પાણીનું વહેવું થાય તેને जळक्षेप प्रदेश કહે છે, કારણ

તેના પેટ કે તળમાં પાણીનો સંગ્રહ ભરાઈ રહેલો હોય છે.

૧૧. જે જગોએ ઘણા ગાઉ સુધીમાં રેતી હોય અને ઝાડ અથવા પાણી ન હોય, અથવા જે થોડી મુદ્દત સુધી ખારાં પાણીથી છવાઈ જાય, તેને રણ કહે છે.

कच्छनी लघु भूगोळविद्या.

પ્રકરણ ૨ જું.

सामान्य वर्णन.

મર્યાદા—કચ્છની ઉત્તરે, પૂર્વે અને અગ્નિકોણમાં રણ છે, દક્ષિણે અને નૈર્ઋત્યે કચ્છનો અખાત અને આરબી સમુદ્ર છે, અને પશ્ચિમે તથા વાયવ્યે સિંધુની કોરી નામે શાખા અથવા રણ છે. રણની પેલીમેર સિંધના નગરપારકર વિગેરે પરગણાં આવેલા છે.

कच्छना नीचे लख्या तालुका राजकीय कामो सारू कर्या छे.

તાલુકા. મુખ્ય ગામ.

૧. रापर—રાપર, પળાસવા, બેલા, ફત્તેગઢ, રવ, આદિસર, ગેડી, ભીમાસર, કીડીઆનગર, ચિત્રોડ, સણવા, જાટાવાડા, ગાગોદડ, સઈ, હમીરપર મોટી, લો-દ્રાણી, મૌઆણું, ત્રંબૌ, કહાનમેર, રામવાવ, બહાદરગઢ, વિગેરે.

रापर પેટામાં खडीरथाणुं—ગઢડો, ધોળાવીરા, વિગેરે.

૨. **भचाउ**—ભચાઉ, લાકડીઆં, ચોબારી, વોંધ, મનફરો, આધોઈ, વાંઢીઉં, અને શિકારપુર.

૩. **अंजार**—અંજાર, તૂણાબંદર, દુધઈ, ખેડોઈ, ખારીરોહર, ગળપાદર, અને મોટી નાગલપર.

૪. **भूज**—ભૂજનગર, માનકૂવો. માધાપર, પદ્ધર, ભારાપર, લોડાઈ, અને કેરો. પેટામાં **खावडा थाणुं**—ખાવડા.

૫. **मुंद्रा**—મુંદ્રા, ભદ્રેશ્વર, ભુજપર, વડાળા, ગુંદાળા, દેસપર, બેરાજા, રતાડીઓ, ઝરપરો, મોટો કાંડાગરો, પત્રી, અને કપાયો.

૬. **मांडवी**—માંડવીબંદર, ગુંદીઆળી, બિદડા, કોડાય, ગોધ્રા, કોટડી, સાભરાઈ, બાડા, લાયજા, નાગ્રેચા, આસંબીઆ, ફરાદી, ગઢસિસો, અને મસ્કા.

૭. **अबडासा**—જખૌબંદર, નળીઆ, બિટ્ટા, કોઠારા, તેરા, સુથરી, મોથાળા, સાંધાણુ, અને વિંજાણ.

પેટામાં **नखत्राणा थाणुं**—નખત્રાણું, રોહા, મજલ, વીરાણી, નેત્રા, ખોંભડી, નીરોણા, અને બિબ્બર.

૮. **लखपत**—લખપત બંદર, કોટેશ્વર બંદર, નારણસર, માતાનો મઠ.

વિસ્તાર અને વસ્તિ—એ દેશની સૌથી ઘણી લંબાઈ ૧૭૦ મૈલ અને સૌથી ઘણી પહોળાઈ ૫૦ મૈલ છે. એની પહોળાઈ એક ઠેકાણે માત્ર ૧૫ મૈલ જ છે. કચ્છનો વિસ્તાર (રણ બાદ કરતાં) આસરે ૬,૫૦૦ ચોરસ મૈલ છે, અને એકલા રણનો વિસ્તાર આસરે ૯,૦૦૦ ચોરસ મૈલ છે. એમાં ૯૩૫ ગામ તથા ઈ. સ. ૧૮૯૧ ની વસ્તિની ગણત્રિ પ્રમાણે ૫,૫૮,૪૧૫ માણસની વસ્તિ છે.

કિનારો—કચ્છનો આકાર લાંબા વાંકા તુંબડા જેવો છે; જ્યારે રણમાં પાણી ફરી વળે છે ત્યારે કચ્છ ટાપુ થઈ રહે છે;

પરંતુ વહાણને ઉપયોગનો કિનારો આસરે ૨૦૦ મૈલ છે, અને તે દાંતાવાળો ન હોતાં ઘણોખરો એક સરખો છે.

મુખ્ય બંદર—खारीरोहर, तूणा, मुंद्रा, मांडवी, जखौ, कोटेश्वर, અને लखपत.

ભુશિર—नर्वानाळ बिंदु, कनखोइनी भूशीर, બન્ની આગળ लूणानी भूशीर.

દ્વીપકલ્પ—बन्नी, वागड, प्रांथळ.

દ્વીપ કે ટાપુઓ—એમાંના કેટલાક કિનારા પાસે અને ઘણાખરા રણમાં છે, પણ રણ સૂકાય ત્યારે ત્યાં પગ રસ્તે જવાય છે. રણમાં મુખ્ય पच्छम, खडीर, कूआरी बेट, घंघारा बेट, गोणियादो बेट, બે बनिआर बेट, તથા घंगला અને लाकडा बेट છે. દરિયાના બેટોમાં જખૌ પાસે आडोधक, लूण કે ध्रगड, जोगीथरी કે पीरशेखरान, पीरहाजी हश्राम टापु, लाणावाण, खेरलो, चबडो, सपथरो, बगथरो, ઇત્યાદિ.

પર્વતોની ધાર—કચ્છમાં છૂટા છૂટા ડુંગર ઘણા છે, પરંતુ પર્વતની મુખ્ય ત્રણ ધાર થઈ શકે છે. એક उत्तरधार પચ્છમ, ખડીર અને प्रांथળમાં થઈને જાય છે; એ काळो, ઉંચાઈ ૧,૪૩૭ ફૂટ, रायमलरो, खडीरवाळो, भांजडो, लक्की, અને प्रांथळवाळो धोळो, नीलवो, અને मोआणाओ વિગેરે ડુંગરો મળીને થઈ છે. मध्यधार એ ધાર ઘણીખરી કચ્છને ઉત્તર કિનારે રણપર પૂર્વ પશ્ચિમ આવેલી છે, તે जोगीका भिट, झारो, कीरो, कराकासम, (કણેરો), धीणोधर, ઉંચાઈ ૧,૨૬૮ ફૂટ, वारार, झुरो, हबाय, અને कासना ડુંગર મળીને થઈ છે. दक्षिणधार એ કચ્છના મધ્ય ભાગને ઉંચો પ્રદેશ કરી મૂકે છે અને તે પશ્ચિમમાં મઢ પાસેથી ચાલી તે રોહા પાસે रोहानो डुंगर, ननामो, ઉંચાઈ ૧,૪૨૪ ફૂટ, ध्रबवो વિગેરેથી મધ્યમાં चाडवा, लक्की, खात्रोड, ઉંચાઈ ૧,૧૪૨ ફૂટ, धोळो વિગેરેને મળી છેક અંજાર સુધી પૂર્વમાં ગઈ છે. મઢ પાસેથી એક

ધાર પશ્ચિમમાં ગોધાતડ સુધી ગઈ છે. ચાડવાને સંઘાતી એક નાની ચિત્રાણાની ધાર સિસાગઢ પાસે છે, તે છેક અંજાર સુધી જાય છે.

મુખ્ય નદીઓ—આ પ્રાંતમાં બારે માસ વહેતી નદીઓ જૂજ છે. ઘણાખરાં તો નાળાં છે. તે જ્યારે વરસાદ પડે ત્યારે જોસથી એકદમ ધસી આવે ત્યારે ઉતરવાં બહુ જ મુસ્કેલ હોય છે, પરંતુ વરસાદ રહી ગયો કે માત્ર તેના પહોળા રેતીવાળા માર્ગની નિશાની અને ઊંચા કિનારા સિવાય બીજું કંઈ જણાતું નથી. કેટલાકમાં ઠેકાણે ઠેકાણે પાણીના ધ્રો બારે માસ રહે છે. નદીના મુખ્ય બે ભાગ થઈ શકે છે, એક ઉત્તરવાહિની અને બીજી દક્ષિણવાહિની. તે ઘણું કરીને દક્ષિણ ધારમાંથી નીકળીને ઉત્તર કે દક્ષિણ દિશા લે છે. ઉત્તરવાહિની ઘણું કરીને ખારી, અને દક્ષિણવાહિની ભાંભળ કે મીઠી હોય છે. એકજ નદી એક ઠેકાણે ખારી અને બીજે ઠેકાણે મીઠી કે ભાંભળ હોય છે.

ઉત્તરવાહિની—ખારી એ ચાડવામાંથી નીસરી ભારાપર, માનકૂવા, કલ્યાણપર, અને રૂદ્રાણીના દેવળ પાસે થઈ રણમાં પડે છે. અને એક પાટ નદીનો ફાંટો તથા બીજો ભીરૂવો લક્કીમાં છોટા જદુરા પાસેથી નીકળી રૂદ્રાણી આગળ મળે છે; સારણ એ ચિત્રાની ધારમાંથી નીકળી ભુજપર, દુધઇ, અને ધમડકા પાસે થઈ રણમાં પડે છે; ઝુરણવાળી ધાણેટીના ડુંગરમાંથી નીકળી ઝુરણ પાસે રણમાં મળે છે; સામંત્રાવાળી ચાડવામાં વાડા પાસેથી નીકળી ઝુરા આગળ રણમાં મળે છે; ધુહૂડ રોજલામાંથી નીકળી થરાઊડા પાસે થઈ નીરોણા આગળ રણમાં મળે છે. ભૂખી અંગીઆ પાસે વિથોણીઆમાંથી નીસરી ધીણોધર પાસે થઈ રણમાં પડે છે; ધુહૂડ કે ડોણવાળી ઉખલડી, ગુંતરી પાસે થઈને

છારી આગળ રણમાં પડે છે; **નેત્રાવળી** નેત્રા પાસેના ડુંગર-માંથી નીકળી ગજાણુસર આગળ થઇને રણમાં પડે છે: **કાળી સાણંધ્રો** પાસેના ડુંગરમાંથી નીકળી દેઢાપર પાસે થઈ, અને **કપુરાસીવાળી** સુરીમુરીના ડુંગરમાંથી નીકળી કપુરાસી પાસે થઇ, કોરીમાં પડે છે.

દક્ષિણવાહિની—**રુકમાવતી** અથવા **ખારી** ચાડવામાંથી નીકળી **ઢીઢ** આગળ થઈ **માંડવી**ની ખાડીમાં પડે છે; **ખરોડ** **નનામા**ની દક્ષિણધાર આગળ કુરબી પાસેથી નીકળી ગોધ્રા પાસે થઈ **આસાર** આગળ કચ્છના **અખાત**માં પડે છે: **સાઈ** **ચિત્રાણા**માં **ચિઆસર** આગળથી નીસરી **સાભરાઈ** પાસે થઈ **ભાંભણાઈ** આગળ કચ્છના **અખાત**માં પડે છે; **કનકા-વતી** રેઝલાના ડુંગર પાસેથી નીકળી **વિંઝાણ** અને **સાંધાણ** આગળ થઈ સમુદ્રને મળે છે; **નાયરો** **કુન્દ્રા** આગળથી નીકળી **કોઠારા** અને **રાપર** આગળ થઈ સમુદ્રને મળે છે; **રાણીઆરો** **કાળા** તળાવ પાસેથી નીકળીને **નળીઆ** પાસે થઈ **જખૌ**ની ખાડીમાં પડે છે; **તેરાવાળી** **વમોટી** પાસેના ડુંગરમાંથી નીકળી **તેરા** અને **છસરા** પાસે થઈ, તથા **ચરો-પડીવાળી** સારણ પાસેના ડુંગરમાંથી નીકળી **ચરોપડી** અને **મુઆરી** પાસે થઇ **જખૌ**ની ખાડીમાં પડે છે: **ભૂખી** **ચકાર** પાસે ધોળામાંથી નીસરી **વાંકી** અને **પત્રી** વચ્ચે વહી, **મઆ** પાસે થઈ **મુન્દ્રા**ની ખાડીમાં પડે છે, એને **ચકાર** આગળ **નેરણ** કહે છે.

સરોવર—આ પ્રાંતમાં કોઇ મોટાં સરોવર નથી. પાણી સારૂ તળાવ ખોદાવેલાં ને કેટલાંક બંધાવેલાં પણ છે. **ચાડ-વા**માં એક જૂનું બંધાવેલું તળાવ છે તેનો જીર્ણોદ્ધાર કરાવી તેનું નામ **પ્રાગસર** પાડ્યું છે. **ભૂજ**માં **હમીરસર**, **અંજાર**માં **સિદ્ધસર**, જેનું પાતાળી પાણી હમેશાં છલ્યું જાય છે, **અંજાર**

પાસે **નીગાળનું** તળાવ, અને ડુંગરમાં **શિણાયનું**, તથા **ભીમાસર** પાસે **ચકાસર** છે.

રણ—એ કચ્છની વાયવ્ય, ઉત્તર, અને ઇશાન કોણમાં નીચી જમીનનો ખારો પટ છે. એમાં ચૈત્ર વૈશાખમાં પવનના જોરથી કચ્છના અખાત વાટે અને કોરી વાટે દરિયાનું પાણી, તથાં ચોમાસામાં બનાસ અને લૂણી નદીમાં પૂર આવે છે તેનું પાણી, અને વરસાદનું પાણી આવે છે ત્યારે સમુદ્ર સરખું થઈ કચ્છને ટાપુ બનાવી મૂકે છે. વખતે એ રણ એકથી પાંચ ફૂટ ઊંડું હોય છે અને તે ઉતરવું બહુ જ મુશ્કેલ પડે છે. વરસાદ વીત્યા પછી એ પાણી જઈ હળવે હળવે સુકાઈ જમીનની સપાટીપર કડવા મીઠાના થર બાઝી રહે છે.

રણ એ અસલ ભૂમધ્ય સમુદ્ર હતો, અને તેમાં વહાણ ચાલતાં તેથી તેને કિનારે જૂનું પાલીનગર, જેને હમણાં વિરાવાવ કહે છે તે તથા બીજા બંદરો હતાં; પણ ધરતીકંપને લીધે જમીન ઊંચી થવાથી સમુદ્ર હઠી ગયો, અને હવે માત્ર ચોમાસામાં પાણી ભરાય છે. ભાંગેલું વહાણ તથા લંગર અને વહાણના ખીલા ઊંડાણમાંથી નીકળવાથી નક્કી થાય છે કે એ રણ એક વાર સમુદ્ર હતો. અહીં ઉન્હાળામાં બરફ જેવા ચળકતાં મીઠા ઉપર સૂર્યનાં કીરણ પડવાથી મૃગઝાંઝવાનો અદ્‌ભુત દેખાવ થાય છે. રણને કિનારે એક જાતનો મોટો અને મજબૂત ગધેડો થાય છે, તેને ખર કે ખચ્ચર ગધેડો કહે છે. એનાં ૬૦–૭૦ નાં ટોળાં ભટકતાં ફરે છે.

જમીન તથા ખેતી—આ પ્રાંતની જમીન મધ્ય ભાગે ડુંગરાળી, પથરાળી, તથા ઘણે ઠેકાણે ખડબચડી છે, કિનારાની સપાટ ફળવંત ગોરાડુ છે, ઉત્તરમાં તથા **વાગડમાં** રેતી સાથે મળેલી ગોરાડુ છે. જમીનનો ૧ ભાગ રેતાળ, ૧॥ ભાગ ગોરાડુ, ૦॥ ભાગ ઉંચ પ્રતિની, અને ૧ ભાગ ડુંગરાળી છે.

બીજા પ્રાંતો સાથે સરખાવતાં આ દેશમાં વરસાદની ટાંચ,

અને નદી નહીં જેવી તેથી લોકો કૂવા ખોદાવી, વાડી કરી, કોસથી પાણી પાય છે. કાંઠી તથા અબડાસાના લોકો જમીન ખેડવામાં સારી મહેનત લે છે, પરંતુ વાગડ, પાવર, મીઆણી, ગરડા વિગેરેના લોકો ખેતી ઉપર બહુ મહેનત લેતા નથી. ખેતર તો લોકો જ્યારે વરસાદ આવવાનો હોય ત્યારે ઉપર ઉપરથીં ખેડી બી વાવે છે, તેથી પાક સારો ઉતરતો નથી.

પેદાસ—એમાં મગ, મઠ, ગૂઆર, જૂઆર, ઘઊં, જવ, બાજરો, ચોળા, નાગલી, ચણા, અડદ, છાસટીઆ, તલ, સરસિઆ, રાઈ, ચિણો વિગેરે જાતનાં ધાન્ય થાય છે. પણ એ ધાન્ય આખા પ્રાંતને પૂરૂં ન પડતાં બહારથી આણવું પડે છે. સિવાય રૂ, એરંડી, શેરડી, તમાકુ, ગુંદર, ગૂગળ તથા કેટલીક ઔષધિ થાય છે. ફળમાં ખારેક, આંબા, દાડમ, જામફળ, દરાખ, કેળાં, લીંબુ. ચીભડાં, તળીઆં, અને સિતાફળ થાય છે. મોટાં ઝાડમાં આંબલી. લીંબડા, બાવળ, વડ, પીપળા, પીપળી, ખાખરો, અરણી, પીલુ કે જાળ, ખેરગૂગળનું ઝાડ, સેઝાડ. બોરડી, ખીજડી અને ખીજડા ડુંગરોમાં તથા ગામોની આસપાસ થાય છે. બળતણ સારૂ ચેરિયાં (તમરીઆં) દરિઆમાં થાય છે. બન્ની પરગણામાં તથા ચાવડા વિગેરે ડુંગરોમાં ખડ બહુ થાય છે, ત્યાં પુષ્કળ પાળેલાં જનાવર ઉછરે છે. ખડ કે ઝાડનાં રક્ષણ સારૂ બંદોબસ્ત છે તેને રખાલ કહે છે. એવી ઘણી રખાલો છે.

જનાવર—ઘોડા, ઉંટ, બળદ ભેંસ, ગધેડા, કુક્કર, હરણ, ચિત્તા, વિગેરે. તેમાં ઘોડા, બળદ, ને ઉંટ વખણાય છે.

ખનિજ પદાર્થ—કોયલા, લોઢું, ફટકડી, સુવર્ણમુખી, સુરોખાર, મીઠું, રાતા, પીળા, કાળા, આસમાની અને ધોળા, ઇમારતમાં શોભે અને ઓપ ચહડે એવા આરસના તથા બીજા પથ્થર, ગેરૂ, કાચો, ખડી, ધોવાની માટી, પાપડખાર,

આશાપુરી ધૂપ, ચીરોડી અને પ્લાસ્ટર આવ પારીસ તથા પોર્ટલાંદ સીમેન્ટ કરવાના પદાર્થો, ઍલ્યુમિનમ, ગંધક, તથા બીજા પદાર્થો નીકળે, પણ પૂરતો શોધ થયો નથી.

હવા—બીજા પ્રાંત સાથે સરખાવતાં કચ્છની હવા ઘણી સખ્ત નથી; પરંતુ તે શરીરને સુખાકારીવાળી અને માફક છે. ચૈત્ર અને વૈશાખમાં માહેલા ભાગમાં ખૂબ ગરમી પડે છે. તેથી સખ્ત લૂ અને વંટોળીઓ વાય છે, લોક બળું બળું થાય છે, પરંતુ દરિઆ કિનારે હવા સુખદાયક હોય છે. જેઠમાં ગરમ પવન બંધ પડે છે. આકાશ વાદળથી ઘેરાય છે, અને ખૂબ બફારો થયા પછી વરસાદ આવે છે. વરસાદ કોઇ વખત અતિશય પડે છે, ત્યારે લીલો દુકાળ અને તાવ લાવે છે, અને જ્યારે ટાંચો આવે છે ત્યારે પણ દુકાળ પડે છે. કચ્છની જમીન તથા હવાને ઘણો વરસાદ જોઇતો નથી. ભૂજ જેવા અંદરના ભાગ કરતાં માંડવી જેવા કિનારા ઉપર તથા વાગડમાં વધારે વરસાદ પડે છે. ઈ. સ. ૧૮૮૫ થી ૧૮૯૩ ની ૮ વરસની સરેરાસ લેતાં વરસાદ ૧૦ ઇંચ ૫૫ ટ્રોકડા પડ્યો હતો. થોડામાં થોડી ગરમી ૫૮ અંશ અને ઘણામાં ઘણી ૧૨૦ અંશ પડે છે. ઠંડી ૩૩ અંશ સુધી પડે છે.

જાત અને ભાષા—આ દેશની અસલ વસ્તિ જૂજ છે. ઘણીખરી સિંધ, ગુજરાત, તથા મારવાડમાંથી આવી વસેલી છે. તેમાં જૂદી જૂદી નાતના હિંદુ છે જેવા કે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શૂદ્ર છે.

મુસલમાનોમાં સૈયદ, સમા, શેખ, સુમરા, મિઆણા, મેમણ, ખોજા, વોરા, ખત્રી વિગેરે મુખ્ય છે.

કચ્છી ભાષા એ સિંધી, ગુજરાતી, અને મારવાડીનું મિશ્રણ છે. કચ્છી અને ગુજરાતી આખા પ્રાંતમાં બોલાય છે, પણ લખવાની લિપિ ગુજરાતી છે.

ઉપર જે હિંદુની જાતો કહી તે વેદ કે જૈન ધર્મને અને મુસલમાન મહમદ પેગંબરના ધર્મને માને છે.

હુન્નરી બનાવટ—રેશમી, સુતરાઉ, તથા ઉનની વણાટનું કાપડ, જેવું કે **અતલસ**, **મશરૂ**, **જોડી**, **ખોટામશરૂ**, **મોદિયું**, **સિંધલી**, **પાણફારૂં**, રંગ બેરંગી છાપેલું કાપડ, કામળા, સોના રૂપાનું નકશીકામ, હથીઆર, ઢાલ, માટીનાં, ધાતુનાં, અને પથ્થરનાં ઠામ, સુરોખાર, ફટકડી, અને મીઠું થાય છે. પરંતુ કારીગરો એવા કુશળ છે કે નમુના પ્રમાણે સંચા વિગેરે હરેક હુન્નર બનાવે છે.

વ્યાપાર—આ પ્રાંતનો વેપાર **પાલી**, **સિંધ**, કાઠીઆવાડ, **સૂરત**, **બિલીમોરા**, **વલસાડ**, **દમ્મણ**, **દેણું**, **મુંબઈ**, **મલબાર**, **બંગાળા**, **સીલોન** **માલદીવ**, **મકરાન**, **ઇરાન**, **તુર્કસ્થાન**, **અરબસ્તાન**, **જંગબાર**, **કુમ્મર**, **સુવાલ**, **મોસંબિક**, અને **સુફાલા** સુધી બહોળો ચાલે છે. આયાતની જણસોમાં વિલાયતી સુતરાઉ કાપડ, ચીનાઈ રેશમી કાપડ, અનાજ, ખાંડ, સાકર, ગોળ, ઘી, સોનું, રૂપું, તથા હલકી ધાતુ અને તેના ઘાટ, અફીણ, હાથીદાંત, ગેંડાનાં શીંગડાં અને ચામડાં, તમાકુ, તેજાના, કસુંબો, ઊન, ખજૂર, ખારેક, નાળીએર, સાગ, સીસમ, અને ખેરનાં ઇમારતનાં તથા ઘર શણગારનો સામાન બનાવવાના લાકડાં, મીણ, મધ ઇત્યાદિ. નિકાસ—અનાજ, કપાસ, ઊન, ફટકડી, મીઠું, ઘી, તેલ, રેશમી, સુતરાઉ, અને ઊનની વણાટનું કાપડ, છાપેલું કાપડ, સોના રૂપાનું નકસી (કોતર) કામ, ત્રાંબાના, પિત્તળના, માટીના, અને પથ્થરના ઘાટ, ઢાલ તથા સોનેરી રૂપેરી નકસીવાળાં હથીઆર, હાથીદાંત, લસણ, ધાણા, મેથી, રાઈ, સરસવ, ઔષધિ, ઘોડા, ઊંટ, અને બળદ; માટી, પથ્થર, હાડકાં, ચામડાં, અને શીંગડાં.

રાજ્ય રીતિ—આ દેશમાં જાડેજા વંશના મહારાજાધિરાજ

मीर्झाँ महाराव श्री सर खेंगारजी सवाइ बहादूर જી. સી. આઈ. ઈ. રાજ્ય કરે છે. તેમના સર્વોપરીપણાં તળે ઘણા ભાયાતો તથા ગરાશિયા છે. દિવાન એ મુખ્ય અધિકારી છે, અને તેના હાથ તળે જૂદાં જૂદાં ખાતાઓ ઉપર એક એક અધિકારી નીમી તેની મારફતે આખા દેશનું રાજ્ય ચલાવે છે. તે ખાતાંને સુગમ પડે માટે દેશના રાજકીય કામકાજ સારૂ સાત તાલુકા અને ચાર થાણાં કરેલાં છે.

ઇનસાફ ખાતું—ઇનસાફ સારૂ દરેક તાલુકા અને થાણામાં એક એક કોર્ટ સ્થાપી, તેના ઉપર એક એક ન્યાયાધીશ કે થાણદાર નીમેલો છે. ન્યાયાધીશના બે વર્ગ છે. પહેલા વર્ગનાને પાંચ હજાર કોરી સુધીના દિવાની દાવા સાંભળવાનો, તથા બાર મહિનાની કેદ અને એક હજાર કોરી સુધી દંડ કરવાનો ફોજદારી અખ્તિયાર છે, અને બીજા વર્ગના ન્યાયાધીશને તથા ચાર થાણદારોને એક હજાર કોરી સુધીના દિવાની દાવા સાંભળવાનો, અને ત્રણ મહિનાંની કેદ, અને અઢીસો કોરી સુધી દંડ કરવાનો ફોજદારી અખ્તિયાર છે. **ભૂજ**, **માંડવી**, **અંજાર**, **મુંદ્રા**, **રાપર**, અને **અબડાસાના** ન્યાયાધીશો પહેલા વર્ગના અને **ભચાઉ** ન્યાયાધીશ અને **લખપત**, **ખડીર**, **ખાવડા**, અને **નખત્રાણાના** થાણદારોને બીજા વર્ગનો અખ્તિયાર છે. એ ઉપર અપીલ, તથા તેમના અખ્તિયાર ઉપરના દાવા, અને સને ૧૮૭૫ ની કલમબંધી પ્રમાણે બ્રિટિશ સરકારની બાંહેધરીવાળા ગરાશીઆના ઇનસાફ સાંભળવાને વરિષ્ઠ અદાલત છે; તેનાં ખાલસા અને જાડેજાના એમ બે પડખાં છે. દેહાંત દંડ, દેશપાર, અને ચૌદ વર્ષ કેદની શિક્ષા શ્રીહજૂરની મંજુરીથી થાય છે. વરિષ્ઠ અદાલતનો જડજ નાયબ દિવાન હોય છે. તે કોર્ટના જાડેજાના પડખાનું કામ પ્રમુખ થઇને કરે છે, અને ખાલસાના પડખાનું બહુ અગત્યનું કામ

હોય તે કરે છે. કોર્ટના ખાલસાના બાકીના પડખાનું કામ આસિસ્ટન્ટ જડ્જો કરે છે. વરિષ્ઠ અદાલતના ચુકાદા ઉપર અપીલ તથા પેટાની કોર્ટ ઉપરની પરઅપીલ દિવાનની કોર્ટમાં સંભળાય છે, તેમાં વિશેષ અગત્યના મુકરદમાના ફેસલા શ્રીહજૂર આગળ થાય છે. ભાયાત અને બીજા જમીનદારોના વર્ગ બાંધી તેમને અમૂક હદસુધી ફોજદારી તથા દિવાની અખ્તિયાર દરબારે આપેલા છે.

રેવિન્યુ કે મહેસૂલખાતું—આ ખાતા ઉપર એક રેવિન્યુ કમિશ્નર નામે ઉપરી છે. તેના પેટામાં સરવે મહેસુલ, વસુલ કરવાનું, અને કસ્ટમ ખાતા સુદ્ધાંતનું કામ છે. તેમના પેટામાં પાંચ બીજા અધિકારીઓ છે. એક સરવે સુપરિન્ટેન્ડેન્ટ, તે સરવેનું કામ સરવેઅર તથા મોજણીદાર પાસે કરાવે છે. એક સ્પેશિઅલ અને ત્રણ આસિસ્ટંટો છે. આસિસ્ટંટ રે. કમિશ્નર તે ઑફિસના કામમાં મદદ આપે છે, અને કૂવા તળાવ ખોદાવવાં, ગામો વસાવવાં, વિગેરે આબાદીના કામ સારૂ ડિસ્ટ્રિક્ટમાં ફરે છે.

મહેસૂલ—વસૂલ કરવા, તથા રેવિન્યુ કામ સંબંધી તપાસ કરી નિકાલ કરવા, અને રાજભોગ લેવા સારૂ આગળ કહેલા સાત તાલુકાઓમાંના દરેક ઉપર વહિવટદાર તથા તેના હાથ નીચે ગામડામાં ધુઓ નીમેલા છે. ભૂજ, રાપર, અને અબડાસાના પેટાના અને લખપતના એમ ચાર થાણદાર નીમેલા છે. સિવાય માંડવી, અંજાર, મુંદ્રા, જખૌ, ભૂજ, અને ખાવડા વિગેરેમાં કસ્ટમદરોગા અથવા કારભારીઓ છે, તે કસ્ટમનું કામ કરે છે. દરેક તાલુકાનો હિસાબ વહિવટદાર રાખે છે. અને દરબારની જમીન, હકકો, અને રસમ સંભાળે છે.

કેળવણી ખાતું—એ ખાતાની દેખરેખ રાખવા એક એજ્યુકેશનલ ઇન્સ્પેકટર તથા તેના હાથતળે ડેપ્યુટી એ. ઇન્સ્પે-

કટર છે. તે તમામ નિશાળો તપાસે છે તથા દેશમાં વિદ્યાવૃદ્ધિના ઉપાય લે છે. કચ્છમાં ૩ સંસ્કૃત પાઠશાળા, ૧ વ્રજ ભાષાની પોશાળ, ૪ ઇંગ્રેજી સ્કૂલો, ૧ હુન્નરશાળા, ૯૩ ગૂજરાતી છોકરાની નિશાળો, ૧૦ રાત્રિશાળા, ૧૫ કન્યાશાળા, અને એક ઉર્દૂ અને ફારસી મદ્રેસા મળીને સઘળી ૧૨૮, તથા મોરબાની ૪ મળી ૧૩૨ નિશાળો છે, અને ૧૫૦૦ વિદ્યાર્થીઓ ભણે છે. ઉપરાંત ગામઠી નિશાળો ૧૧૮ છે, એક દરબારી છાપખાનું, અને ૭ લાયબ્રરીઓ છે.

પોલિસ ખાતું—એ ખાતા ઉપર એક પોલીસ કમિશ્નર છે. તે ચોરી, મારામારી, લૂંટફાટ, વિગેરે ન થાય એવો બંદોબસ્ત રાખે છે. એ કામ સારૂ દેશમાં જૂદે જૂદે ઠેકાણે ૧૦ થાણાં રાખ્યાં છે, તથા વાગડમાં એક આસિસ્ટંટ, અને અબડાસામાં એક પોલીસ ઇન્સ્પેક્ટર નીમ્યો છે; તથા ચોરી મારફાડ, વિગેરેની તપાસ સારૂ ફોજદારો રાખેલા છે.

મોટાં સર્વે ગામોમાં ટપાલ ઑફિસો છે, નાનાં ગામોમાં જ્યાં દરબારી નિશાળ હોય ત્યાં મહેતાજીને, કે ખાનગી શખસને ટપાલનું કામ સોંપેલું છે, ને તેથી નાનાં ગામોમાં પેટીઓ રાખેલી હોય છે તે બે ત્રણ દિવસને અંતરે એક વચલા ગામની ઑફિસનો હલકારો (ટપાલીઓ) કાગળો આપી જાય છે ને લઇ જાય છે. મુખ્ય શહેરોમાં તાર ઑફિસ છે.

પોલિટિકલ એજન્ટસાહેબ—બ્રિટિશ સરકારની ખંડણી વસૂલ કરવા એક પોલિટિકલ એજંટ સાહેબ ભુજમાં રહે છે. તે બ્રિટિશ સરકારની બાંહેધરીવાળા જાડેજા વિગેરેની ગરાસ સંબંધી અપીલ સરકારની વતી સાંભળે છે, અને પરરાજ્યો સંબંધી કામકાજ સારૂ તેની મારફત લખાણ થાય છે.

પ્રકરણ ૩ જું.

विशेष वर्णन—रापर तालुको.

સીમા—એ તાલુકો, અસલના **પ્રાંથળ**, **ખડીર**, અને **વાગડ**નો પૂર્વ તરફનો અર્ધભાગ મેળવીને કરેલો છે. એની નૈર્ઋત્યે **ભચાઉ** તાલુકો, અને બાકીની દિશા એ રણ છે.

એ તાલુકાનું ક્ષેત્રફળ **ખડીર**સહિત ૧,૯૬૫ ચોરસ મૈલ છે. એમાં ૮૬ ગામ તથા ૭૧,૭૨૬ માણસની વસ્તિ છે, તથા **ખડીર** થાણામાં ૧૧ ગામ તથા ૧,૮૦૨ માણસની વસ્તિ છે. એમાં ૧૯ નિશાળ છે.

મુખ્ય ડુંગરો—विथरोइयो, रामवाववाळो धार, चित्रोडवाळी धार, **પ્રાંથળ**ની ઉત્તરે लक्की, गोरो, नीलवो, मोआणियो, અને ખડીરમાં खडीओ છે. ખડીઆને એક ઠેકાણે झरकीवाळी धार અને બીજે ઠેકાણે **भांजडो** કહે છે.

છેલા અથવા **વહેળા**—प्रांथळमां जाटावाडावाळी, कीडि-यानगरवाळी **સઈ** પાસેથી નીકળી પળાંસવા પાસે થઈ, धारो **ભી**માસરના ડુંગરમાંથી નીકળી **સણવા** પાસે થઈ, मालण-હમીરપરની ધારમાથી નીકળી **સાનગઢ** પાસે થઈ ગેડી આગળ, રણમાં પડે છે; ચુંવणी નદીનું મુખ **ભરૂડીઆ** પાસે છે. ખરડીમાં મુખ્ય છેલા–खारी, फापडा, ચાનાર અને खार-इवाळो છે.

જમીન તથા પેદાસ—આ તાલુકાની જમીન ગોરાડુ રેતી સાથે ભળેલી છે, અને તેમાં ઘણુંકરીને નિયમસર વરસાદ આવવાને લીધે પાક પણ સારો ઉતરે છે. **પ્રાંથળ** અને ગેડી વચ્ચે વાયવ્ય ખૂણામાં, અને **ખડીર**ની દક્ષિણે રણને લીધે, તથા દક્ષિણમાં ડુંગરોને લીધે, કેટલીક જમીન ખેડવા લાયક નથી, તેથી તેમાં ઢોરને ચરવા લાયક ખડ

તથા પીલુ વિગેરે ઝાડ બહુ થાય છે. આ તાલુકામાં મીઠા પાણીની અછત છે, તેથી ગામેગામ વરસાદનું પાણી રાખવા મોટાં તળાવ ખોદેલ હોય છે; પણ ઉનાળામાં અહીં વધારે ગરમી અને લૂ પડે છે, અને જે વખતે પાણીની ખરેખરી જરૂર તે વખતે એ તળાવો સૂકાઈ જાય છે. ત્યારે લોકોને દૂરથી અને વખતે બીજે ગામથી પાણી લાવવું પડે છે. એટલું છતાં, અહીંનાં પાણી અને હવા માણસની તંદુરસ્તીને માફક આવે છે. જ્યાં તળાવ છે ત્યાં તેમાંજ ઘણા ઉંડા કૂવા ખોદાવે તો તળેથી જમીન ખારી, તેથી ખારૂં પાણી નીકળે છે, પણ જ્યાં મીઠું પાણી છે ત્યાં ગામની આસપાસ સેંકડો વાડી કરી લોકો ઉપજ કરે છે.

મુખ્ય પેદાસ—કપાસ, મગ, બાજરો, મઠ, ઘઉં, છાસટીઓ, ગૂવાર, તલ, જૂવાર, ચિણો, રતડ, એરંડી, ને મીઠું. અહીંના બળદ, ઉંટ, ઘોડા, મગ, અને કપાસ વખાણવા જેવા હોવાથી પરદેશ જાય છે. **માખેલ** અને **ગેડી**માં ચણા ને ઘઉં, થાય છે.

હુન્નરી બનાવટ—રાપર, ફતેગઢ, બેલાનું મોદીયું, ચોફાળ, બોરી, પછેડી, અને બેલાના છાપેલા સાડલા, ધોતલી, અને ખોળીઆં.

મુખ્ય ગામ—રાપર, એ તાલુકાનું મુખ્ય ગામ છે, અને એમાં ૪,૦૧૩ માણસની વસ્તિ છે. એમાં એક દિવાની તથા ફોજદારી અદાલત, વહિવટદારની કચેરી, તાલુકા સ્કૂલ, નાઇટ સ્કૂલ, કન્યાશાળા, દવાખાનું ને ફોજદારનું થાણું છે. અહીં પહેલા રાવ શ્રી**ખેં**ગારજી ટીલે બેઠા તે પછી એનું નામ **સાપર** બદલાઈ **રાપર** પડયું. **બેલા** એ ૩,૪૭૧ માણસની વસ્તિવાળું વાઘેલાનું મોટું ગામ, તથા **થર–પારકર**ના **ઘી**ના વેપારને માટે તથા પુરાતનપણાને માટે પ્રખ્યાત છે. અહીં સં. ૧૩૮૭ માં ગંગા નામના કુંડ **માથે** દેવળ કરાવેલું

હતું, એવું લેખમાં છે. फतेगढ वस्ति ૩,૪૧૭; જમાદાર ફતેમહંમદે સં. ૧૮૬૬ માં વસાવ્યું; ગેડી કચ્છના વાઘેલા રજપૂતોના ટીલાનું ગામ, વસ્તિ ૩,૨૦૭ ની છે. रव, पळांसवा आडेसर, અહીં એક મોટી સેલાર વાવ તથા દેવાલય છે. सणवा, चित्रोड, भीमासर, हमीरपर मोटी, जाटावाडा, लोद्राणी, એ બધાંમાં એક એક ગુજરાતી નિશાળ છે. देसलपर, मोआणुं, અને बालासर. गढडो ખરડીનું મુખ્ય ગામ.

ડુંગરી કિલ્લા—कोटडो અને शोभारेल ખરડીમાં, गढडो અને फतेगढ **પ્રાંથળ**માં છે, बाधरगढ સંવત્ ૧૮૬૭ માં ફતેમહંમદે બંધાવ્યો; रापर, कानमेर, चित्रोड, उमैयुं, ने सुवै.

धर्मनी जगा तथा जूनी हकिकत—વરણુ પીર પળાસવાથી અઢી ગાઉ રણને કાંઠે રણનો રક્ષક તરીકે ગણાય છે. રાપરમાં ચિંતામણી પાર્શ્વનાથનું જૂનું દેરૂં છે. ત્યાં ગુજરાત, પાલનપુર, મારવાડ, અને સોરઠથી મોટા સંઘ યાત્રાએ આવે છે. વીથરીઆ મહાદેવ વીથરીઆના ઉંચા શિખરપર છે. રવેચીમાતા રવમાં છે. અહીં એક વાર રાવશ્રી જરૂર ગાદીએ બેઠા પહેલાં દર્શને પધારે છે. રવેચીમાતાનો મેળો પ્રતિ વર્ષે ભાદરવા શુદ ૮ નો ભરાય છે, અને ત્યાં ૧૫ થી ૨૦ હજાર માણસ એકઠું થાય છે. અણહિલ્લવાડ પાટણના વાઘેલાના હાથમાં આ ભાગ હતો એવું શીલાલેખોથી સિદ્ધ થાય છે, એને તેમનું મુખ્ય ગામ ગેડી હતું, જેને તે સમયે गृतपर्दी કહેતા.

भचाउ तालुको.

ભચાઉ તાલુકાની પૂર્વે અને ઇશાન કોણે **રાપર** તાલુકો, નૈર્ઋત્યે **અંજાર** તાલુકો, અને બાકીની દિશાએ **રણ** છે. અસલ **વાગડ**ના પૂર્વ અર્ધ ભાગને તોડીને આ તાલુકો કર્યો છે. એનું ક્ષેત્રફળ ૪૭૫ ચોરસ મૈલ છે. એમાં ૫૨ ગામ તથા ૪૮,૪૪૧ માણસની વસ્તિ છે. સિવાય મોરબીના **આધોઈ** મહાલનાં ૭ ગામ અને ૮,૫૨૦ માણસની વસ્તિ છે. એમાં નિશાળ ૧૩ છે. આ તાલુકો પણ **વાગડ**માં જ છે એટલે એનો નૈર્ઋત્ય કોણ, ઇશાન કોણ, અને વચલો ભાગ

ડુંગરોની ધારવાળો છે. બાકીના ભાગની જમીન, હવા, **તથા** પેદાસ **રાપર** પ્રગણાની માફક જ છે.

ડુંગર—મધ્ય ભાગે ડુંગરોની એક ત્રુટિત ધાર **અંજાર** તાલુકાથી ચાલીને **આધોઇ** સુધી ગઇ છે. એક બીજી ધાર પૂર્વ પશ્ચિમે છે. તેનાં ઠેકાણે ઠેકાણે જૂદાં જૂદાં નામો છે, જેવાં કે લતાડો, ચિત્રાધાર, સાણાની ધાર, કાળો, મોમાયો, કંથકોટવાળો ચોચો, વિગેરે.

નદી—સારણ એ **વાગડ** અને કચ્છની હદ ગણાય છે; ખારી લાકડીઆ પાસે **ધરાણા** આગળ થઇ **આંબલીઆળા** પાસે પડે છે; ચાંગ મનફરો, અને **ચોબારી** વચ્ચે અર્ધ-ગાઉનો પટ છે, તે ઉત્તરના રણમાં પડે છે. ખારોવાંઘો કે ગુમગંગા **આધોઈ** પાસે થઇ **છાડવાળા** આગળ રણમાં પડે છે.

મુખ્ય પેદાસ તથા **હુન્નરી બનાવટ**—ખેતિવાડી અને વણાટ **રાપર** પ્રમાણે છે. ઉપરાંત **લાકડીયું**, **આધોઈ**, **ભચાઉ** વિગેરે ઠેકાણે કસબી સુતારો તાળાં સારાં બનાવે છે. ભચાઉમાં, આગળ દેશી લોઢું બનાવવાની ભઠ્ઠીઆ હતી.

મુખ્ય ગામો—ભચાઉ એ તાલુકાનું મુખ્ય શહેર છે. અહીં એક ન્યાયાધીશ, વહિવટદાર, અને ફોજદાર રહે છે. એની વસ્તિ ૪,૫૩૦ માણસની છે. વિદ્યાભ્યાસ સારૂ એક તાલુકા સ્કૂલ, નાઇટ સ્કૂલ, અને કન્યાશાળા છે. એક દવાખાનું પણ છે. ચોબારી અહીં જમીનમાં પાણી બહુ છે તેથી કૂવા હમેશાં છલ્યા કરે છે. અહીં એક વહેતા કુંડ ઉપર ચોમુખા મહાદેવનું મંદિર છે. અહીં સિંધ જેવી અજરખ બને છે. વોંધ માં વાડી ઘણી છે. મનફરો એ **રાવશ્રી ભારમલ્લજી**એ સંવત્ ૧૭૦૫ માં ઉદેસંઘડને જગા ધર્માદામાં આપતાં તેણે એ ગામ વસાવ્યું; લાકડીઆઉં ઉમદા રૂને વાસ્તે પ્રખ્યાત છે; શિકારપુર એ રણ ઉતરીને પેલે કાંઠે જવા આવવાનું નાકું છે; વાંઢીઆઉં, કંથકોટ એ અસલ મજબૂત ડુંગરી કિલ્લાનું શહેર હતું જેનાં ખંડેરો હજુ છે.

એ કિલ્લા ઉપર હી૦ સ૦ ૯૧૦ માં અમદાવાદના મુજફ્ફરશાહે ચઢાઈ કરી હતી; आधोई એ મોરબીવાળાનું ગામ ડુંગરપર વસેલું છે. અહીં છોકરાની એક તથા છોકરીની એક એમ બે નિશાળો છે.

धर्मनी जगा तथा जूनी हकिकत.—કંથડપીરની જગા કંથકોટમાં છે. કાગજરીઆ તળાવ શીકરામાં છે, એ ઘણું જૂનું ગામ છે. વોંધમાં જડેશ્વરનું દેરૂં શેઠ સુંદરજી શિવજીએ બંધાવેલું છે. લાકડીઆમાં લાકડીઆ પીરની કબર અને ઉંચો મિનારો જાડેજા દેવાજીએ કરાવ્યા છે. કંથકોટમાં જૈન દેરામાં સં. ૧૩૪૦ ના લેખ તથા સૂર્યનારાયણનું ઘણું જૂનું દેરૂં છે. ડુંગરની નીચે એક ગાઉ ઉપર ગોખરા મહાદેવનાં ઉંચી કારીગરીનાં દેરાંનાં ખંડેર છે. કંથકોટપર છેલ્લો હુમલો અંગ્રેજ સરકારે કરી કિલ્લો તોડી નાંખ્યો હતો.

अंजार तालुको.

સીમા—એ તાલુકાની પૂર્વે **ભચાઉ** તાલુકો અને રણ, દક્ષિણે કચ્છનો અખાત ને **મુંદ્રા** તાલુકો, પશ્ચિમે **મુંદ્રા** ને **ભુજ** તાલુકો ને ઉત્તરે **ભુજ** તાલુકાનો **બન્ની**નો ભાગ આવેલો છે. એ તાલુકો અસલની **અંજાર ચોવીશી**, **ભૂવડ ચોવીશી**, ને **મીઆણી**નો કંઈક ભાગ મળી થએલો છે. એનું ક્ષેત્રફળ ૪૨૦ ચોરસ મૈલ છે. નિશાળ ૧૦ છે. એમાં ૭૬ ગામ, ૫૬,૪૯૩ માણસની વસ્તિ છે.

ડુંગર તથા નદી—खात्रोड (ઉ. ૧,૧૪૧ ફીટ.) धोळो, અને कास છે. सारण, खारी रोहर, बोर्ची **ખાત્રોડ**માં **વાડા** પાસેથી નીકળી, ખેડોઈ પાસે થઈ, **વીરા** પાસે કચ્છના અખાતમાં પડે છે.

જમીન તથા પેદાસ—તળ **અંજાર** તથા **ખેડોઈ** પ્રગણાની જમીન ઘણી રસાળ તથા હવા ને પાણી ઘણાં સારાં છે, પરંતુ પ્રગણાના બીજા ભાગોમાં રેતી અને પથ્થર વધારે છે, અને પાણી ખારાં છે. કપાસ, બાજરી, જૂવાર,

ઘઉં, મગ, મઠ, એરંડી, તલ, શેરડી, મેવો, અને શાકભાજી થાય છે.

હુનરી બનાવટ—સૂતરાઉ વણાટ, લોઢા કામ, રંગાટ, ત્રાંબા પિત્તળના ઘાટ, ખારેકડીનો દારૂ, ઇત્યાદિ. **અંજારમાં** ચપ્પુ, છરી, કાતર, અને અસ્ત્રા વિલાયતી જેવા જ થાય છે. અંજારના ગાડાં ઘણાં જ મજબૂત થાય છે, અને તે કાઠિયાવાડ પણ જાય છે. એમાંથી ધોળો આરસ પહાણ તથા ધોળી ચીનાઈ વાસણને લાયકની માટી નીકળે છે.

મુખ્ય ગામ—અંજાર એ તાલુકાનું મુખ્ય શહેર છે. એ સં. ૧૬૦૨ માં રાવશ્રી **ખેંગારજીએ** આબાદ કર્યું, ને રાવશ્રી મોટા દેશળજીના વારામાં એને ફરતો મજબૂત કિલ્લો બંધાવ્યો. એમાં ૧૪,૪૩૩ માણસની વસ્તિ છે. એમાં એક ન્યાયાધીશ, એક વહિવટદાર, ને એક ફોજદાર રહે છે. એમાં એક ગુજરાતી નિશાળ, ત્રીકમજી જીવણદાસ ઇંગ્રેજી મીડલ સ્કૂલ, એક કન્યાશાળા, રાત્રિશાળા, **સર ખેંગારજી** પુસ્તકશાળા, ઇસ્પિતાલ, શહેરસુધરાઈ ખાતું, વલ્લભદાસ દ્વારકાદાસની ધર્મશાળા, અપંગ નિરાશ્રિતાશ્રમ, અને ભાટીઆ મહાજનવાડી છે. તૂણા, એ આખા **વાગડ**, **પ્રાંથળ**, ને **મીઆણી**ના માલની આયાત નિકાસનું બંદર છે, અહીં ૩ દાબવાના સંકજા છે. અંજારમાં માધવરાય, મોહનરાયના મંદિરો, ભડેશ્વરનું દેવાલય, જેસલ તથા તુરીની કબરો, ને અજેપાળનું જૂનું સ્થાનક, બહુચરાજી, તથા અંબાજીનાં મંદિરો, મેકમરડોવાળો બંગલો, વેરીસાલનો બુરજ, અને ટીંબી કોઠો ટેકરીપર છે. **સિદ્ધસર** તળાવમાં કમળના ફૂલથી બહુ શોભા થાય છે. **નાગલપર** વાડીવાળું ગામ છે, ત્યાં ખોજાની જ વસ્તિ તથા એક નિશાળ છે. **તૂણા** તથા **ખારીરોહર** એ બે બંદરો છે; **દુધૈ** તથા **ખેડોઇ** એ સારાં વાડીવાળાં ગામો છે, ત્યાં તથા **કૂંભારીઆ** અને **ગળપાદર**માં એકેક સારી નિશાળ છે. કૂંભારીઆમાં વળી ઇંગ્રેજી સ્કુલ **મિસ્ત્રીની** છે, **ટપ્પર**, **સીણાય**, અને **ભીમાસર** એ બેમાં લાખા ફૂલાણીનાં મોટાં તળાવો છે. **અંતરજાળ**, **ક્રીડાણૂં**, અને **ભૂવડ**.

[ભૂવડ—પીથુ ચાવડાએ વસાવેલું ઘણું જૂનું છે; તેમાં ભુવનેશ્વરનું દેરૂં છે, તેના ઉપર સં. ૧૩૪૯ નો લેખ છે.]

ધર્મની જગાઓ તથા જૂની હકિકત—રામદેવ પીરનો લાખાપરમાં ને અંજાર પાસે કુબર પીરનો મોટો મેળો ભરાય છે. જોગણી નાગ પાસે જોગણી માતાની દેરી, મહાદેવનું દેવળ તથા મીઠા પાણીનો કુંડ જૂનાં છે. અહીં કાર્ત્તિક ને ચૈત્રમાં મેળા ભરાય છે, કુંડપર સારવા તારવા લોક હંમેશાં આવે છે, નાગલપરમાં હુસેનઅલ્લી પીરની જગા ઉપર ખોજાઓએ રોનકદાર મસીદ બંધાવી છે, તેનો ભાદરવામાં મેળો ભરાય છે. અજમેરનો અજેપાળ ચહુવાણ મુસલમાનો સાથે લડાઈ કરી નહાસી, જોગી થઈ અંજારમાં રહેલ તે વખતે અહીં ઘણી ઝાડી હતી. ત્યાં વાંઢીઆર આવી વસ્યા. અજેપાળ અહીં ગુજરી ગયો ત્યારે તેને પીર ગણી લોકોએ એનું દેવળ ચણાવી તેમાં ઘોડેસ્વાર જેવી મૂર્ત્તિ બેસાડી. અજેપાળ ઉપરથી ગામનું નામ અંજાર પાડચું એમ કહે છે. અંજારથી પાંચ ગાઉપર નીગાળનું ઘણું પુરાતન તળાવ આસરે બે ત્રણ ગાઉમાં જબરા મોટા પથરાનું બાંધેલું છે. અંજારને ઇંગ્રેજ સરકાર તરફથી કપ્તાન ઈસ્ટે ઈ. સ. ૧૮૧૬ (સં. ૧૮૭૩) માં લઈને ૨૪ ગામનું તેમનું એક ખાલસા પ્રગણું કીધું હતું, પરંતુ ઈ. સ. ૧૮૧૯ (સં. ૧૮૭૬) માં જમાબંધી લેવી ઠરાવી દરબારને તે પાછું સ્વાધીન કીધું.

ભૂજ તાલુકો.

સીમા—એ તાલુકાની પૂર્વે **અંજાર** તાલુકો, દક્ષિણે **મુંદ્રા** અને **માંડવી** તાલુકા, **પશ્ચિમે નખત્રાણા** થાણું, અને ઉત્તરે **રણ** છે. એ અસલના **પાવર, મીઆણી, બન્ની,** અને **માક** પ્રગણાના ભાગો મેળવીને બનાવેલો છે. એના પેટામાં **ખાવડા** થાણું છે. જેમાં અસલનું **પચ્છમ** ટાપુનું પ્રગણું આવેલું છે. એનું ક્ષેત્રફળ ૧,૪૦૦ ચોરસ મૈલ ખાવડાસહિત છે. એમાં ૧૫૦ ગામ તથા ૭૧,૪૭૪ માણસની વસ્તિ અને ૧૭ નિશાળ છે.

ડુંગર—ભૂજીઓ, વારાર, આરોડો, વિછિઓ, ઝુરો. લક્કી, ચાડવા, હબાય, ખાત્રોડ, અને ધોળો આવેલા છે. ખાત્રોડની ઉંચાઈ

१,१४२ फीट छे. पच्छमाई, गोरो, तथा कालो ए थाणामां छे, एमांथी कालो कच्छमां सौथी उंचो डुंगर छे. तेनी ऊंचाई १,४३७ फीट छे.

नदीओ—खारी चाडवामांथी नीकळी सुमरासर आगळ रणमां पडे छे. एने पाट, ने मीठोवो ए उगमणी तरफ खात्रोडमां लहेर आगळथी नीकळी सांघो आगळ मळे छे, अने त्रीजो खारोवो खात्रोडमां चुबडक आगळथी नीकळी त्रमाउ आगळ मीठोवोने मळे छे; कायलो चाडवामां वाडा पासेथी नीकळी झुरा आगळ रणमां पडे छे. मीरंडीयाळो, पण झुरा पासे ज पडे छे. नीरोणावाळी ए त्रण नदीओ मळी थई छे, तेमांनी एक धुड्ड राजला पासेथी नीकळी मोरगर अने अकादना आगळ थई नीरोणा आगळ रणमां पडे छे. बीजी वोंघडी धबवा पासेथी नीकळी अकादना आगळ मळे छे, अने त्रीजी चाडवामां सामत्रा आगळथी नीकळी अकादनानी नीचे उपली बे नदीओने मळे छे, झुरणवाळी खात्रोडमांथी नीकळी झुरणपासे रणमां पडे छे.

जमीन तथा पेदास—जमीन घणुं करीने डुंगराळी तथा रेताळ छे. पण बन्नी प्रगणुं असल दरियो हठी जवाथी थयेलुं छे, एटले एना उपर चोमासामां पाणी फरी वळे छे; तेथी खेती करता नथी, पण खडने लीधे अहींना लोक ढोर पाळवानो धंधो करे छे. मीआणी भणीनी जमीननो वचलो भाग सपाट छे, अने जमीनमां पाणी घणे ठेकाणे खारुं छे, तोपण वाडीओ बहु थाय छे. अनाजमां बाजरो, मठ, मग, घउं, जव, सामो विगेरे खड धान्य, रजड, गुवार, एरंडी, जुज तल, अने रु थाय छे. बावळनां लाकडां, इमारती पथ्थर, सुरोखार, कायो, ने चीनी वासण तथा पोर्टलांड सिमेंटना बरनी धोळी माटी मळे छे. मियाणी, पच्छम, अने बन्नी प्रगणामांथी उन, घी, घोडा, गाय, भेंस, बळद, चा-

ચડાં, શિંગડાં વગેરે પરદેશ ચઢે છે. પથ્થરમાં હુબ્બાયમાં કાળો અને ખાવડામાં પીળો આરસ પહાણ, અને ડગાળામાં રાતો પહાણો થાય છે.

ઉદ્યમ—સૂતરાઉ વણાટનું કાપડ, ઉનના ધાબળા ધાબળીઓ, સોના રૂપાનું ઉંચું નકશી કામ, રેશમી ભરત, છાપેલા સાડલા, સૂડી, ચાકૂ, તરવાર, જંબિયા, બંદૂક, ગેંડાની ઢાલ, વિગેરે હથિયાર, અને જરાદીનું કામ પરદેશ જાય છે.

મુખ્ય શહેર—भूजनगर આ પ્રગણાની તેમજ આખા કચ્છની રાજધાનીનું શહેર **મહારાવ શ્રી ખેંગારજી** પહેલાએ સં. ૧૬૦૫ માં બંધાવ્યું. એમાં ૨૫,૪૨૧ માણસની વસ્તિ છે. એ નગરની આસપાસ ૬ દરવાજાવાળો કિલ્લો છે, તેની અંદર એક દરબારગઢ છે, જેની અંદર આગળના રાવોના મહેલો છે. તે મહેલોની જોડે એક વિલાયતી બાંધણીનો મજબૂત અને વખાણવા લાયક **પ્રાગમહેલ** છે. **રાવશ્રી લખપતજીના આયના મહેલની** અંદરની રચના તથા તેમાંની અસલી ચીજો, અને કારીગરીનું સંગ્રહસ્થાન જોવાં જેવાં છે. શહેરમાં ગુજરાતી છોકરાની ત્રણ નિશાળો, આર્ટ સ્કૂલની શાખા, કન્યાશાળા, ભાપાની પોશાળ, **મહારાણી શ્રી નાનીબા સંસ્કૃત પાઠશાળા**, રાત્રિશાળા, ઉર્દુ અને અરબી મદ્રેસા, વગેરે વિદ્યાનાં સ્થાનો છે. શહેરની ઉત્તર દિશામાં નવી તુરંગ, **હાથીથાન**, ઘોડશાળ, ઈસ્પિતાલ, અને ટંકશાળ છે. નાકા બહાર **શરદબાગ** અને **ખાસીવાડીની** શોભા ઘણી સારી છે. મહાદેવના નાકા આગળ **દ્વારકાનાથનું** મંદિર, **મહંમદ પનાહની** મસીદ, નાકા બહાર **આલ્ફ્રેડ હાઈસ્કૂલ**, **ઍંગ્લોવર્નાક્યુલર સ્કૂલ**, **ફર્ગ્યુસન મ્યુઝિયમ** અને **લાયબ્રેરીની** ભવ્ય ઇમારતો, **પબ્લિક પાર્ક**, નજરબાગ, વિજયાદશમીની કચેરીની બેઠક, અને **કલ્યાણેશ્વર લાખેશ્વર** આદિનાં મંદિરો, પોષ્ટ ઑફિસ, વાડીઓ, પોલિટિકલ એજંટનો બંગલો, હુન્નરશાળા, હમીરસર તળાવ,

રા. રા. છોટાલાલ સેવકરામનું બનાવેલું શ્રીશાઅન વર્કનું કબૂતરખાનું, કૃષ્ણાજી પૂલ, લખપતજી વિગેરેની છત્રી, એ સર્વને લીધે એ નાકું સાંજના હવા ખાવાનું રમણીય સ્થળ થઇ પડયું છે. સિવાય જાફર સુલેમાને બંધાવેલું જમાતખાનું, ભીડના પીરોની મસ્જીદ, કૂઆ, અને મહોમેડન સ્કૂલ, દેસલસર ને દાદુ દ્વારાની જગા છે. શહેરની પૂર્વે અર્ધ ગાઉ ઉપર ભુજીઆ નામના ૫૦૦ ફીટ ઊંચા ડુંગર ઉપર શહેરના રક્ષણ વાસ્તે કિલ્લો રાવશ્રી (મોટા) દેશળજીના વારામાં બંધાવેલો છે, તેમાં ક્ષેત્રપાળનું સ્થાનક છે. દર વર્ષે શ્રાવણ શુદ ૫ મે ત્યાં મહારાવ શ્રી મોટી સ્વારીથી પધારે છે, શહેરમાં મારકીટ તથા કેટલીક શોભાયમાન દુકાનો છે. એ ભુજીઆની નૈર્ઋત્ય ખૂણે ઇંગ્રેજ સરકારના લશ્કરની છાવણી તથા સદર બજાર છે.

શહેરમાં નાની મોટી ઇનસાફની ૩ અદાલતો છે, અને શહેર સફાઈ સારૂ મ્યુનિસિપાલ ખાતું છે. શહેરથી માંડવી-બંદર સૂધી પાકી બાંધેલી સડક છે. સડકપર તળાવો, દેવળો, ને ધર્મશાળાઓ છે, તે મુસાફરોને બહુ ઉપયોગનાં છે. શહેરની દક્ષિણે બે ગાઉપર ડુંગરમાં ટપકેશ્વરીનું સ્થાનક તથા ધર્મશાળાઓ છે. ત્યાં ચોમાસામાં મેળો સારો ભરાય છે. પશ્ચિમે કુરાકાસમ અને પીરાનપીરની જગ્યા છે. ત્યાં મેળા ભરાય છે; ભૂજથી માનકૂવા ભણી એક, અને અંજાર થઈ તૂણા સૂધી બીજી, પાકી સડક છે.

પશ્ચિમે ૧॥ ગાઉ ઉપર ખારી નદીનો ધોધ એક અથાગ ખાડામાં પડે છે, તેને ઝુડક કહે છે, અને તે તીર્થ ગણાય છે. ત્યાંથી ૨॥ ગાઉ છેટે કોડકી ગંગા નામનું એક રમણીય તીર્થ છે ત્યાં એક શિવાલય ને એક ધર્મશાળા મહારાણી શ્રી નાનીબાસાહેબે બંધાવ્યાં છે. ભૂજની પૂર્વે એક ગાઉપર માધાપર પાસે જખનો મેળો થાય છે. માધાપરમાં. ગુ૦ નિશાળનું મકાન, મહારાણી શ્રી નાનીબા ધર્મશાળા, તથા મ-

ણીભાઈ સેલોરવાવ જોવા લાયક છે. ભૂજથી ૪ ગાઉ ઉપર રૂદ્રાણી માતાનું સ્થાનક છે. મહારાવશ્રીની સ્વારી શ્રાવણ શુદ ૮ મે ત્યાં પધારે છે,

બીજાં ગામ—લોડાઈ, પદ્ધર, માનકૂવો, મારાપર અહીંના તથા કેરાના વણકરો ચોફાળ, ખેરી, તથા બીજાં ભાતીગળ કાપડના વણાટમાં વખણાય છે. આ ગામમાં જેરાજભાઈ પીરભાઈ ગુજરાતી શાળા તથા ઈંગ્રેજી સ્કૂલ છે. અહીં વાડીઓ ઘણી છે, તેથી શાકભાજી બહુ થાય છે; રેહો (મોટો), બળધીઓ, કેરો એ ડુંગર ઉપર આવેલું સારૂં વાડીવાળું ઘણું જૂનું ગામ છે, અહીં લાખા ફૂલાણીના વખતનું એક જૂનું સારી બાંધણીનું ધરતીકંપથી પડી ગએલું દેવળ તથા વાવ, લાડકભાઈ સોમજીની બંધાવેલી ગુ૦ નિશાળ તથા જમીનદાર તરફની એક કન્યાશાળા છે, તથા એક અંગ્રેજી સ્કૂલ છે. ખાવડો એ પચ્છમમાં સિંધ જવાના રસ્તાનું ગામ છે. અહીં એક થાણદાર રહે છે તેના હાથ તળે ન્યાય, કસ્ટમ, ફોજદારી અને રેવિન્યુ એટલાં ખાતાં છે. ત્યાં એક ગુ૦ નિશાળ અને પોસ્ટ આફિસ છે.

ડુંગરી કિલ્લા— ભૂજીઓ તેનો થોડોક ભાગ શેરબુલંદખાને ઈ. સ. ૧૭૮૫ માં લીધો હતો, પણ તરત તેને હાંકી કાઢ્યો હતો, પછી ઈ. સ. ૧૮૧૯ માં ઈંગ્રેજે લીધો હતો. હબાય ઉપર અણગોરગઢ અને તેની દક્ષિણે બોલાડીગઢ જામફૂલે બંધાવ્યા હતા. અણગોરમાં ઘણાં જૂનાં ઉમદા નકસી કામનાં દેવળો, એક મોટું બંધાવેલું તળાવ, ઘણા કૂવા અને ખંડેરો લાખા ફૂલાણીના વખતનાં હજુ ઉભાં છે, પચ્છમમાં ડુંગર પર રાયમલરો સમાઓએ બંધાવેલો છે, કલ્યાણપર.

ધર્મની જગા તથા જૂની હકિકત—ધીણોધરમાં ધોરમનાથની જગામાં સાધુ સંત વિગેરે મુસાફરને જમાડવા રોજ બે વાર સાદ થાય છે. ભડલીમાં ગરીબનાથની સમાધ છે. ઓરીરામાં મીઆં તમાચી, બન્નીમાં હાજીપીરની જગા છે, પચ્છમમાં ગુરૂ દત્તાત્રીનાં પગલાં છે, જેને મુસલમાન પચ્છમાઈ પીર કહે છે. હબાયમાં હબાય

માતાનું દેવળ જૂનું છે, કેરામાં પીર ગુલામ અલીશાહની સુંદર મોટી જગા સં. ૧૮૫૪ માં બાંધેલી છે, તેનો મેળો ચૈત્ર માસમાં ૭ દિવસ રહે છે. એ ઉંચી ટેકરીપર આવતાં કેરાને શોભા આપે છે.

ખાવડા ઘણું જૂનું છે. એની સીમમાં એક પાળીઓ છે, તેના અક્ષર ૧,૦૦૦ વરસ ઉપરના છે. ગુજરાતીમાં સદેવંત અને સાવલિંગાની જે જાણીતી વાર્તા છે, તે એક જણ પચ્છમમાંના દીનારાથી દક્ષિણે એક ઘણા જૂના પણ ઉમદા કારીગરીનાં જૈન દેરાના ખંડેર છે તેમાં ભણતા એવું કહે છે.

मुंद्रा तालुको.

સીમા—ઈશાન્યે **અંજાર** તાલુકો, દક્ષિણે અને પૂર્વે કચ્છનો અખાત, પશ્ચિમે **માંડવી** તાલુકો, અને ઉત્તરે **ભૂજ** તાલુકો છે. એ અસલના હાલા **ચોવીશી** અને **કાંઠી**નો કેટલોક ભાગ ભેળીનો કીધો છે. એનું ક્ષેત્રફળ ૩૯૦ ચોરસ મૈલ છે, એમા ૬૧ ગામ તથા ૫૨,૧૯૨ માણસની વસ્તિ છે. એમાં ૧૦ નિશાળ છે.

ડુંગર તથા નદી—એમાં માત્ર ઉત્તરે એક ધોળાની હાર છે. બોચી **ખાત્રોડ**માંથી નીકળી **વીરા** આગળ પડે છે; સાકરી **લક્કી**ની દક્ષિણે **જદુરા** પાસેથી નીકળીને **ભદ્રેસર**ની નાળમાં પડે છે; ભૂખી અથવા નેરણ એનાં **મુંદ્રા** આગળ બે ફાંટામાંના એકને કેવડી કહે છે. ફોટ **સણોસરા** પાસે **ધોળા**માંથી નીકળી **કુંપૈયા** પાસે થઈ **ધ્રબ** આગળ **મુંદ્રા**ની ખાડીમાં પડે છે. નાગમતી ચાડવામાંથી નીકળી **ભુજપર** પાસે થઈ **નવી** નાળમાં પડે છે.

જમીન તથા પેદાસ—આ ભાગની જમીન ગોરાડુ પણ ઘણી ફળદ્રુપ છે. પાણી સારાં મીઠાં, ને હવા ગુણકારી છે, અહીં ખેતીવાડી ઘણીજ કરવામાં આવે છે. મુખ્ય ઉપજ ઉન, કપાસ, બાજરો, જૂવાર, વાઢીઆ ઘઉં, મગ, મઠ, નાગલી, ગૂવાર, છાસટીઆ, ચોળા, બંટી, કાંગ, ચિણો, શે-

રડી, એરંડી, તલ, લસણ, રાઈ, સરસીઆ, મેથી, અને ધાણા થાય છે. એ ઉપરાંત આંબા, કેળાં, જાંબુ વિગેરે મેવો ઘણો નીપજે છે. ખનીજ પદાર્થમાં ધોળી ચીનાઈ વાસણ બનાવવાની માટી અને પાપડખાર નીપજે છે.

હુનરી બનાવટ—છાપેલાં છાયલ, સીરખ, જાજમ, ધોતલી, રૂમાલ, છીંટ, કાળું કાપડ, ખોળીઆં, બંદૂક, તાળાં, અને સુતરાઉ કાપડ સારૂં બનાવે છે.

મુખ્ય શહેર—**मुंद्रा बंदर**, વસ્તિ ૧૦,૪૩૩. એમાં દરબારી મહેલ, દિવાની, ફોજદારી, અને સ્મૉલકૉઝની અદાલત તથા વહિવટદારની કચેરી, પોલીસનું થાણું, અને એક ફોજદાર રહે છે. શહેર સફાઈખાતું પણ છે. એમાં એક તાલુકા સ્કૂલ, એક ઇંગ્રેજી સ્કૂલ, એક નાઈટ સ્કૂલ, એક કન્યાશાળા, **જુમાભાઈ લાલજી** સ્કૂલ, રણસીભાઈ દેવરાજ ઇંગ્લિશ મોડલ સ્કૂલ, **ખેંગારજી** **પુસ્તકાલય**, ને **લાલજી સુમાર** હૉસ્પિતાલ છે. હુકમચંદ્રજી **જૈન સંસ્કૃત પાઠશાળા** સારા પાયાપર સ્થાપેલી છે. કિલ્લા બહાર **જેરામસર** અને તેને કિનારે **ખીમજી જેરામ** ધર્મશાળા અને હરિબાગ છે. બંદર ઉપર માલ ચઢાવવા ઉતારવા સારૂ સારો ધુરજો છે. અહીંના વેપારી તથા ખલાસી ઘણા સાહસિક અને વેપારમાં તથા પરદેશ ખેડવામાં માંડવીથી બીજા દરજાના છે. એક જીનીંગ ફેકટરી છે. એવું કહે છે કે **મુંદ્રા**નું અસલ નામ કુમરો હતું, પણ **રાવશ્રી ભોજરાજજીના** વખતમાં (સંવત ૧૬૯૬ માં) તેને આબાદ કરી **મોહનરાયનું** મંદિર બંધાવ્યું તેનો અપભ્રંશ મુંદ્રા થઈ ગયું. **भुजपर** સારૂં વાડીવાળું ગામ છે; **भद्रेसर** એ ઘણું પુરાતન અને જૈન લોકોનાં જૂનાં વસાઈ નામનાં દેવળોને વાસ્તે પ્રખ્યાત છે; **बेराजा, पत्री, देसलपर, गुंदाळा,** ને **कपाया** એ બધામાં એકેકી નિશાળ છે. **वडाळो, रताडीओ, समाघोघा,** અને **झरपरो**. ઝરપરાનું ઘી વખણાય છે.

ધર્મની જગા તથા જૂની હકિકત—ભદ્રેસર વડાળો, અને લૂણીવાળો આ તાલુકાનો હાલા ચોવીશીનો ભાગ પુરાતન સમયથી વસેલો હોય એવું એનાં અનેક ખંડેરોપરથી જણાય છે. અસલ ભદ્રેસર તો દટાઈ ગયું છે તેની પાસે હાલા ડુન્ગરજીએ ૩૦૦ વર્ષ પર નવું ભદ્રેસર વસાવ્યું. વસાઇનાં દેરાં નામે શ્રાવકોનાં જૂનાં દેરાં છે. તેમાં લેખ છે તે ખવાઈ ગયા છે, તો પણ એક બે થાંભલા ઉપર ૧૩૨૩ અને એક ઉપર ૧૩૫૮ જણાય છે. ***જગડૂશા** કરીને મોટો ધર્માત્મા વાણીઓ વિશળદેવના વારામાં થઇ ગયો તેના વખતના લાગે છે. પનરોત્તરો (૧૩૧૫) નામનો મોટો દુકાળ એ વખતે પડયો હતો, ત્યારે એણે એ વાઘેલા પાસેથી વેરાવટને લીધે ભદ્રેસર પોતાના સ્વાધીનમાં લઇ રાજાને તથા આખા મુલકને અન્ન વસ્ત્ર પુરાં પાડી દેરાંનો જીર્ણોદ્ધાર કરાવ્યો, તથા કિલ્લો બંધાવ્યો, તેથી જગડૂશાનાં દેરાંને નામે ઓળખાય છે. હાલ શ્રાવક લોકોએ એ દેવળોને ફરતી જમીન લઈ મોટી વરંડી ચણાવી ને દેવળ સમરાવ્યું છે, અને ફાગણ સુદ ૪–૮ સૂધી મોટો મેળો કરે છે. ગામથી છેટે એક ગાઉ ઉપર ચોખંડા મહાદેવનું દેરૂં પણ ઘણું જૂનું છે. શાહેરની વાયવ્યે એક જૂનું ફૂલસર તળાવ સારી રીતે બાંધેલું છે. એ તળાવ ઉપર શેઠ ધરમશી પુંજાની ધર્મશાળા તથા બંગલો છે. તળાવની દક્ષિણે આશાપુરાનું જૂનું મંદિર છે તેના એક સ્થંભપર સંવત ૧૧૫૮ છે. અંબાજીનું દેરૂં, કુંડ તથા મોટી ધર્મશાળા ઠા. સામજી અમરસીએ સમરાવેલ તથા એક સુંદર નવી ધર્મશાળા ઠા. સામજીએ તથા ઠા. દેવચંદે બંધાવેલ છે. એ સિવાય લાલશાબાઝ પીરનો કૂઓ, બે સોળસ્થંભા મસીદ, પંજપીરની જગ્યા તથા બીજાં ઘણાં મકાનો છે. સિદ્ધરાજ જયસિંહનો લેખ સંવત ૧૧૯૫ નો અને સારંગ દેવનો સંવત ૧૩૩૨ નો અહીંથી મળી આવ્યાં છે. રતાડીઆમાં ગણેશની મોટી મૂર્તિ છે તેનો મોટો મેળો ચૈત્ર સુદ ૪ નો થાય છે, મુંદ્રામાં શાહ મુરાદની જગ્યા જોવા લાયક છે.

માંડવી તાલુકો.

સીમા—એની પૂર્વે મુંદ્રા તાલુકો, દક્ષિણે કચ્છનો અખાત,

---

* એ વિષે વધારે જાણવાજોગ હકિકત **રા. રા. મગનલાલ દલપત્તરામ ખખખરકૃત "શ્રી જગડૂ ચરિત"** ના ભાષાંતરમાં આપેલી છે.

પશ્ચિમે અબડાસો, અને ઉત્તરે નખત્રાણા થાણું, તથા ભૂજ તાલુકો છે. એ કાંઠીનો પશ્ચિમ ભાગ, મોડાસો અને માકનો કંઈક ભાગ મેળવીને કરેલો છે. ક્ષેત્રફળ ૫૧૫ ચોરસ મૈલ છે. એમાં ૯૪ ગામ તથા ૧,૦૨,૮૧૫ માણસની વસ્તિ છે, એમાં ૨૧ નિશાળ છે.

ડુંગર તથા નદીઓ—ચિત્રાણાનો પૂર્વભાગઃ ખારી પૂનડી પાસેથી નીકળી ફરાદીપાસે થઈ તુંડા આગળ સમુદ્રમાં મળે છે; રુકમાવતી ધ્રબવામાંથી નીકળી કોજાચોરા પાસે થઈ માંડવીની ખાડીમાં પડે છે; ખરોડ નનામાની દક્ષિણેથી નીકળી લાયજા પાસે થઈ આસાર આગળ સમુદ્રને મળે છે; વિંગડી એ ચિત્રાણાના કોરીઢૂઆની લીલીઉંચાળી ભિટમાંથી નીકળી હાડાની ઉગમણી અને ખાંફાની આથમણી શેઢી વચ્ચે થઈ મકડાની વાટ વચ્ચે, તથા નાગરેચા અને બાડા પાસે થઈ સમુદ્રને મળે છે, એને મૂળ આગળ ઉક્કીર કહે છે. સાઇ ચિત્રાણામાંથી નીકળી સાભરાઈ પાસે થઈ, સમુદ્રમાં પડે છે.

જમીન તથા પેદાસ—કચ્છમાં સૌથી સરસ રસાળ જમીન અહીં આવેલી છે. મુખ્ય ઉપજમાં કપાસ, બાજરો, જૂવાર, ઘઉં, મઠ, ગૂવાર, નાગલી, છાસટીઓ, ચોળા, એરંડી, તલ, લસણ, રાઈ, સરસીઆ, મેથી, ધાણા વિગેરે. મોડાસાની તમાકુ વખાણાય છે. ખનીજમાં પાપડખાર, તથા ગુણિયાસર તથા નાભોઈના કાળા અસમાની ઈમારતી પથ્થર નીકળે છે.

હુનરી બનાવટ—માંડવીનો પાંચપટો, મશરૂ, અતલસ, છાયલ, સાડલા, જાજમ, અને કાળું રંગેલ કાપડ પરદેશ જાય છે. સિવાય દેશી કાપડ વણાય છે. પેટીઓ જંગબાર જથાબંધ ચઢે છે અને વહાણો બંધાય છે.

મુખ્ય શહેર—માંડવી વસ્તિ ૩૮,૧૫૫, એ આખા કચ્છનું સૌથી વધારે વસ્તિવાન શહેર અને મુખ્ય બંદર છે. એ સં. ૧૬૩૫ માં રાવશ્રી ખેંગારજીના વખતમાં વસાવ્યું. મહા-

રાવશ્રી **સર પ્રાગમલજી બહાદુરે** બંદર સુધારવાને **પ્રિન્સ ઑફ વેલ્સની** યાદગીરી રાખવા મોટો ધુરજો બંધાવી. "ऑलफ्रेड एँडवर्ड ब्रेकवॉटर" નામ પાડવા ઠરાવ્યું હતું, તે ધુરજો બાંધ્યો છે, પણ ધારવા જેટલો ઉપયોગી ન નીવડ્યો. બંદર પર એક શોભાદાર કસ્ટમ હાઉસ છે. આ શહેરમાં કારભારી, વહિવટદારની કચેરી, દિવાની ફોજદારી અદાલત, તથા સ્મૉલ કૉજ કોર્ટ છે, અને શહેર સફાઈ ખાતું છે. એક સિટિ અને એક ડિસ્ટ્રિક્ટ ફોજદાર તથા પોલીસનું થાણું રહે છે. સમુદ્ર કિનારે રોનકદાર મકાનમાં દરબારી ઇસ્પિતાલ, **ખલફાન દામાની** નિશાળ, નાઇટ સ્કૂલ, સુંદર પુસ્તકાલય, ઇંગ્રેજી સ્કૂલ, હોડીઓ ક્રોઠો (દીવાદાંડી), તથા ઘણી ધર્મશાળાઓ, અને મુસાફર ખાનાથી ભારે શોભા થઈ રહી છે. ગામમાં દરબારી **મહેલ**, બે દરબારી ગુ. નિશાળ, ગોકળદાસ તેજપાળ ઇંગ્રેજી **હાઈ** સ્કૂલ, તુરંગ, મારકીટ, મોટી હવેલીની પાસે સત્યનારાયણનું સુંદર મંદિર, રતનસી મુળજી કન્યાશાળા, જૈન કન્યાશાળા, જૈન લોંકાની સ્કૂલ, મેઘજી થોભણ સંસ્કૃત જ્ઞાન શાળા, **કરીમભાઇ ઇબ્રાહીમની કન્યાશાળા**, મદ્રેસા, તથા ખોજા ઑરફનેજ અને **દાતુભાઈ** ઇબ્રાહિમ ઇસ્પિતાલ છે. ગામબહાર **ટોપણસર** તળાવ, શાસ્ત્રી વિશ્વનાથની ધર્મશાળા તથા શિવાલય, **સુખલાલ**ગરજીની **સંસ્કૃત** પાઠશાળા, ઝવેર બંગલો, નાગનાથનું મંદિર તથા **બ્રહ્મ**પુરી છે. નદીને સામે કાંઠે **સળાયા** નામે મોટું પરૂં છે, ત્યાં એક દરબારી ગુ. નિશાળ, અને નદી ઉપર જબરો પૂલ બાંધ્યો છે. અહીંના વેપારી તથા ખલાસી ઘણા સાહસિક છે. **મુંબઈ**, **મલબાર**, **બંગાળા**, **ચીન**, **મકરાન**, ઇરાન, **અરબસ્તાન**, **જંગબાર**, **મોસંબિક**, કેપ વિગેરે દૂર દેશાવર જઈ વહાણથી ઘણો માલ લાવે છે તથા લઈ જાય છે, તેથી ઘણા શ્રીમંત થયા છે. ગુંદીઆળી એ વાડીવાળું ગામ તથા પ્રખ્યાત બ્રહ્મક્ષત્રિય શેઠ સુંદરજી શિવજીની જન્મભૂમિ; बिदडा, कोडाय, गोधो એ સારાં વાડીવાળાં ગામ છે. **कोडायमां** ઇંગ્રેજી સ્કૂલ, કન્યાશાળા, જૈન પુસ્તક ભંડાર, લાયબ્રેરી **તથા મોટો ધર્મ વાડો છે. मस्कामां ઇંગ્રેજી ગુજરાતી નિશાળ**

ખાનગી છે. गुंदीआळीमां દરબારી ગુજરાતી સ્કૂલ તથા કન્યાશાળા છે. खाखरमां જૈન કન્યાશાળા ખાનગી છે. सांसागढ तथा कोटडीमां લોકોની ખાનગી ઇંગ્રેજી સ્કૂલ છે. गढसिसो અહીંથી પૂર્વે ૧॥ ગાઉ ઉપર **બિલેશ્વર** મહાદેવનું રમણીય સ્થળ ગીચ ઝાડીની વચમાં છે, અને પશ્ચિમે અર્ધગાઉપર જમીન વીંધી તેમાંથી નીકળતું મીઠું પાતાળી પાણી ૧॥ ગાઉ સૂધી નીકથી લઈ જઈ તળાવમાં ભેગું કરી આસપાસનાં ખેતરોને પાઇ ઉંચી જાતની શેરડી વગેરે પકવે છે. कोटडी અહીં એક ચંપાસર તળાવ છે. फरादी, सामराई, અહીં અલીઆસર તળાવ છે. आसंबिया, અહીંથી ૧॥ ગાઉ ઉપર વણોઠી નામની રખાલ છે, તે શિકાર વાસ્તે પ્રખ્યાત છે. नागरेचा, बाडा, અને लायजा ઉપલા સર્વ ગામોમાં અકેકી ગુ. નિશાળ છે. मउ આ ગામમાં સાત કૂવા છે, તેમાંથી મીઠું પાણી નદીના પ્રવાહની પેઠે રાત દિવસ છલ્યું જાય છે, તેથી ફૂલ ફળાદિ મેવો, શાકભાજી તથા ધાન્ય બહુ થાય છે.

ડુંગરી કિલ્લા—गुणियासर, आसंबियो, गढसिसो, અને कोटडी.

धर्मनी जगा तथा मेळा—માંડવીમાં સુંદરવર, કલ્યાણેશ્વર, રાણેશ્વર, લક્ષ્મીનારાયણ અને નાગનાથનાં મંદિરો, રણછોડજી મહારાજની હવેલી, કાજીવાળી મસીદ, અને જુમા મસીદ છે. માંડવીથી અર્ધ ગાઉ ઉપર શીતળામાતાનું દેવળ, ને બે ગાઉ ઉપર ઠાકોરજીનું મંદિર છે. ત્યાં મોટા મેળા ભરાય છે. દ્રબુડીના મેળેથી વળતાં રાવળપીરની શેડ સુંદરજી શિવજીની બંધાવેલી જગ્યા છે, ત્યાં લોકો જાય છે, લાયજાવાળી આશાપુરા, માતાવાળી તુંબડી, જ્યાં ગુન્હેગારો અસલ ભરાઈ રહેતા તે બચતા, સિસાગઢ પાસે બિલેશ્વરના શ્રાવણમાં મોટા મેળો થાય છે. મોટકૂબામાં મોડપીરનું સ્થાનક છે, ચોલુબાવાની જગા એની પાસે છે, ચિત્રનાથની જગા ચિત્રાણામાં ઘણી જૂની છે. रोंआणमां આસરે ૫૦૦ વર્ષ ઉપર ઘોરમનાથે તપ કર્યું હતું તે વખતે તે ઘણું જબરૂં શહેર હતું, તે દટાઇ ગયું હતું; પણ તે જગાએ રાવ શ્રીભારમલ્લજીએ સં૰ ૧૬૬૫ માં સારૂં દેવળ બંધાવેલું છે. અહીંથી સ્કંદગુપ્ત વિગેરે ગુપ્ત રાજાઓના આસરે **૨,૫૦૦ વર્ષના જૂના સિક્કાઓ નીકળે છે.**

अबडासा तालुको.

સીમા—અબડાસાની પૂર્વે **માંડવી** તાલુકા તથા **નખત્રાણા** થાણું, ઉત્તરે **નખત્રાણા** થાણું, પશ્ચિમે **લખપત થાણું** અને દક્ષિણે અરબ્બી સમુદ્ર છે. એમાં આગળનાં **માક, ગરડા** ને **કંડ** પ્રગણાનો કાંઇક ભાગ ભેળેલો છે. ક્ષેત્રફળ **નખત્રાણા** સહિત ૧,૫૨૫ ચોરસ મૈલ છે. એમાં ૧૪૬ ગામ તથા ૭૬,૬૨૧ માણસની વસ્તિ તથા ૨૦ નિશાળ છે.

ડુંગર તથા નદીઓ—પૂર્વે चित्राणो; ઉત્તરે बालाचोडनी અને वमोटीनी **धार,** જેનાં खटलो, खात्रोडो, छपरो વિગેરે નામો સ્થળાંતરે છે. નદીઓમાં साई ચિત્રાણામાંથી નીકળી માંડવી તાલુકામાં પેસે છે; कनकावती સમુદ્રને મળે છે, **મોડકુબા** આગળ એને बंगधरो કહે છે; સાત વળાંકા લે છે તેથી એને सतवळी પણ કહે છે. नायरो અથવા पेओणी **બાલાચોડ**વાળી ધારમાંથી **કડાય** આગળથી નીકળી **રાપર** પાસે સમુદ્રને મળે છે, राणीआरो કાળાતળાવ પાસેથી નીકળી **જખૌની** ખાડીમાં પડે છે. એમાં **મઢનો, ભાદ્રાનો બાંડીઆવાળો,** અને **લાખાણીઆનો**, એમ ચાર છેલા મળે છે; राखडी **સારણ** ગામ પાસેથી નીકળી **મુવારીપાસે** થઇ **જખૌની** ખાડીમાં પડે છે.

બેટ—**જખૌની** ખાડીમાં પંદરેક બેટો છે, તેમાં મુખ્ય आडोधक, लूण કે ध्रगड, जोगीथरी કે पीरशेखरान, पीर हाजी इब्राम, लाणावाण, ૪૦ છે. માહેલીગમ खेरलो, भिट, चवडो, सप्थरो, बगथरो વગેરે છે. એમાં ઢોર ચારવા થોડાંક માણસો ઝુંપડાં બાંધીને રહે છે, અહીં गोडीयानी, टंगेरानी, नरानी, ને खडानी ખાડીઓ અને **સિંધ** જવાની નાળ છે.

બંદર—जखौ એનો **સિંધ, મકરાન, અરબસ્તાન, મુંબઇ,** અને **મલબાર** કિનારાસાથે વેપાર ચાલે છે.

જમીન તથા પેદાસ—અબડાસાની જમીન ઘણી રસાળ છે, રૂ, **બાજરી, ગુવાર, જૂવાર, છાસટીઓ, ઘઉં, દી-**

વેલી, અડદ, ચણા, નાગલી, બંટી, ચિણો, મગ, મઠ, જવ, તલ, કાંગ, ઇત્યાદિ નીપજે છે; સૂતરાઉ કાપડમાં વખાણવા લાયક, નળીઆના ખારીના ચોફાળ, લુંઘી, ઉંચા ખેસ, ઇલાયચી, પાંચપટો, વગેરે; બંદૂકો, તાળાં, કોઠારામાં સૂડી, વિંઝાણમાં પથ્થરના વાટકા, કુંડી, અને મોથાળામાં સોનેરી બાબ થાય છે, જખૌ પાસે સિંઘાડીનું મીઠું દેશાવર ચઢે છે.

[આખા કચ્છમાં ચણા માત્ર અબડાસામાં નળીઆ, જખૌ, છાડુરા, વડસર, અને રામપર પાસે, અને વાગડમાં ગેડી અને માખેલ પાસે ચણા તથા ઘઉં થાય છે. બીજે ઘઉં થાય છે પણ કોસનું પાણી પાવાથી.]

મુખ્ય શહેર—જખૌબંદર, વસ્તિ ૪,૧૨૮, એ તાલુકાનું મુખ્ય મથક અને પ્રગણાનું બંદર હોવાથી અહીં વહિવટદાર, કારભારી, અને ધ્રુ રહે છે. અહીં ગોકળદાસ તેજપાળ વિદ્યાલય, દરબારી કન્યાશાળા, નાઇટસ્કૂલ, તથા પુસ્તકશાળા છે, કોઠારો, વસ્તિ ૪,૦૦૨, એ ઘણા મુંબઇના નામાંકિત શેઠીઆઓની જન્મભૂમિ છે. અહીં એક કન્યાશાળા, તથા ગોકળદાસ તે. ગુ. નિશાળ, અને લક્ષ્મીનારાયણનું મંદિર ઉપરાંત હાલાસર અને કુરસિંસર તળાવો, અને મુંબઇના શેઠીઆઓના બાંધેલા શ્રાવકોના દેરાં, બંગલા, બગીચા, કેશવજી જાદવજીની મદનમોહનલાલજીની હવેલી, અને મોટી ધર્મશાળાઓ છે, તેથી સારી શોભા આપે છે; નળીઆ, વસ્તિ ૭,૦૭૮, એ એક તવંગર શહેર છે, અને એમાં વેપાર સારો ચાલે છે, તથા મુંબઇ જઇ રહેલા શેઠીઆનાં સારી બાંધણીનાં ઘર, દેવળો, ગોકળદાસ તે. વિદ્યાલય, નાઇટસ્કૂલ, રાવશ્રી ખેંગારજી કન્યાશાળા, હાજી હારૂન મકતબ, મણીભાઇ લાઇબ્રેરી, એક દવાખાનું, રીઝ મ્યુનીસીપાલીટી અને ધર્મશાળાઓ છે; તેરા, વસ્તિ ૪,૬૩૭, એ કુમારશ્રી હમીરજીને આપેલા ગરાસનું મુખ્ય શહેર છે; ગામમાં ઇમારતો સારી છે; તેમાં બુધા ડોસાણીનું જૈનનું દેરૂં શિલ્પકામ ને સોનેરી ચિત્રોવાળું જોવા જેવું છે. અહીં ડુંગરસી સોજપાળ વિદ્યા-

લય, શિવજી વીરજી કન્યાશાળા, નાઇટ સ્કૂલ, રાવસાહેબ દલપત્તરામ પ્રાણજીવન ખખ્ખર પુસ્તકશાળા, ચત્રભુજ મોરારજીનું ધર્મનું દવાખાનું, અને ગામની બહાર આવેલાં સુમરાસર, સતાસર, અને ચતાસર તળાવો છે. સુથરી વસ્તિ ૨,૨૯૨, એમાં મુંબઇના સારા વેપારીનાં ઘરની બાંધણીથી તથા શ્રાવકોના દેવળોથી ગામ સારૂં શોભે છે. એમાં એક દામજી મેઘજી ગુ. શાળા છે; મોથાળો, વસ્તિ ૨,૬૧૨, એ નદીથી ઘણું ખરૂં ચારેમેર ઘેરાવાથી ચોમાસામાં ટાપુ જેવું થઈ રહે છે. અહીં એક ગુ. નિશાળ છે; સાંધાણ, વસ્તિ ૧,૭૫૬, સિંધનો અમીર ગુલામશાહ સં. ૧૮૧૯ માં ઝારાની લડાઇ જીતી તેરા, કોઠારા, વિગેરે મારી મોટો દંડ લઇ અહીં આવ્યો હતો, તેને અહીંનાં જાડેજાઓએ મારી હઠાવ્યો હતો; વિંઝાણ વસ્તિ ૨,૦૧૭ એમાં બાગ તથા વાડીઓ સારી છે, તથા શેઠ ગોકળદાસ તે. વિદ્યાલય, અને એક કન્યાશાળા છે. ઝારાની લડાઈમાં અહીંના ગામધણીએ મોટી બહાદુરી કરી હતી; ડુમરો, વસ્તિ ૧,૫૯૮, ઉપલા ગામોમાં અકેકી ગુજરાતી નિશાળ છે; બિટ્ટા અહીં આખા તાલુકાના ઇનસાફ સારૂ પહેલા વર્ગની દિવાની તથા ફોજદારી અદાલત અને એક નિશાળ તથા બાર્ટન ધર્મશાળા છે. વાળાપદ્દર અહીં એક નિશાળ છે

ધર્મની જગા—અબડા પીરની જગ્યા રામપરમાં છે, ત્યાં મોટો મેળો ભરાય છે, એણે અલ્લાઉદ્દિન ખિલજીની ફોજ સાથે લડી સિંધની સૂમરીઓને બચાવી, તથા કચ્છના એ ભાગ બચાવ્યો, તેથી અબડાસા નામ પડ્યું. મુઆપછી તે પીર થયા ને સુમરીઓને બચાવી તેથી શણાધાર કહેવાયા, તેરા પાસે માતંગનો મેળો થાય છે. તેરામાં ખટાઉ મકનજીની બંધાવેલી હવેલી અને સૈયદ મહંમદની મસીદ જોવા જેવાં છે. સુમરાસરને સામે કાંઠે સગવડવાળી સુંદર ધર્મશાળા છે. નળીઆમાં એક નરસિ નાથાનું, બીજું શાંતિનાથનું ભારમલ તેજશીનું, અને ત્રીજું હીરજી નરસિનું બંધાવેલું મળી "વીરવે

વસઈ" નાં દેરાં છે. કોઠારામાં મુખ્ય દેરૂં શાંતિનાથનું શિવજી નેણસી, વેલજી માલુ, અને કેશવજી નાયકે ચાર લાખ રૂપિઆ ખરચી ઘણુંજ સરસ બંધાવેલું છે. સાંધાણમાં સોનેરી કામનું માંડણ તેજસિનું શાંતિનાથજીનું ઉમદા દેરૂં છે. તથા એક જંગી ધર્મશાળા સર્વે જાતોના સારા માણસો અને બાવા ફકીરોને ઉતરવા, તથા એક મસીદ મેમણ ઇબ્રાહીમ નુરાણીએ બંધાવી છે. સુથરીમાં શ્રાવકોનું ગીરીત કલોલજીનું દેરૂં તથા ધર્મશાળાઓ છે. વિંઝાણમાં વિંધ્યવાસની માતાનું સ્થાનક જૂનું છે.

નખત્રાણા થાણું.

સીમા—પૂર્વે **ભુજ** તાલુકો, દક્ષિણે **માંડવી**, તથા **અબડાસા** તાલુકો, પશ્ચિમે **લખપત** થાણું, અને ઉત્તરે રણ આવેલું છે. એ અસલનાં **માક** અને **પાવર** પ્રગણામાંથી મુખ્ય કરીને કીધું છે. એનું ક્ષેત્રફળ **અબડાસામાં** ભેળવેલું છે. એમાં ગામ ૧૨૭, વસ્તિ ૪૬,૫૯૮, ને નિશાળ ૯ છે.

ડુંગર તથા નદીઓ—એ થાણાની દક્ષિણ હદે બે ધાર છે, તેનાં જૂદે જૂદે ઠેકાણે જૂદાં જૂદાં નામ છે, જેમ કે ખટલો, હાથડીઓ, વેહાર ઇત્યાદિ, બીજા છૂટક ડુંગરો છે, જેમ કે ધીણોધર, નનામો, ધ્રબવો, રોઝલો, કોરાકૂબો, અને ચિત્રાણાનો કેટલોક ભાગ. **નનામાની** ઉંચાઈ ૧,૪૨૪ ફીટ હોવાથી વહાણવટીને દરિઆમાંથી જોવાને ઉપયોગી છે. નદીઓમાં **મૂખી** એ **વિથોણીઆમાંથી** નીસરી **ધીણોધર** પાસે થઈ, રણમાં પડે છે, અને **ભીમસર** પાસે માડઈ અને **વંગ** પાસે ઝલાઈ કહે છે; નીરોણાવાળી **રોઝલા** આગળ **મોરગર** પાસેથી નીકળી **નીરોણા** આગળ **રણમાં** પડે છે; ઘુડ્ડડ ગુંથળી પાસે થઈ **છારી** આગળ **રણમાં** પડે છે; નેત્રાવાળો છેલો **નેત્રા** પાસેના **ડુંગરમાંથી** નીકળી ગજણસર આગળ થઈને રણમાં પડે છે.

જમીન તથા પેદાસ—આ થાણાની જમીન દક્ષિણે ડુંગરાળી અને ઉત્તરે રેતાળ છે; પણ એમાં પાણી મીઠાં છે, તેથી તથા ખેડૂતની મહેનતને લીધે ઉપજ સારી થાય છે. બાજરો, ઘઊં, મગ, છાસટીઆ, રૂ, બંટી, અને ચિણો થાયછે.

મુખ્ય ગામ—નખત્રાણું, વસ્તિ ૨,૪૭૪, અહીં વાડીઓ ઘણી છે તથા બીજાં ફળો સાથે આંબા બહુ થાય છે. અત્રે એક થાણદાર તથા એક ફોજદાર રહે છે, અને એક નિશાળ છે; મજલ, વસ્તિ ૧,૯૬૪, સુમરીરોહા, વસ્તિ ૧,૧૧૪. એ ગામ એક ઊંચા ડુંગર ઉપર કિલ્લામાં છે. કિલ્લામાં ટાંકાં સંકટ સમયે ઉપયોગ સારૂ બાંધેલાં છે. એ ડુંગરી કિલ્લા પરથી ચારે મેર ડુંગરો, ખીણો, દૂરની વાડીઓ, અને ગામોનો દેખાવ રમણીય લાગે છે; અહીં મુસાફર સારૂ નળીઆના **હીરજી ભાણજી**એ મોટી ધર્મશાળા બંધાવી છે. નેત્રા વસ્તિ ૧,૫૨૫, ખોંભડી મોટી વસ્તિ, ૧,૩૦૩; બિબ્બર, વસ્તિ ૧,૨૦૭, અહીં **ખેતસિ શિ-વજી**ની ધર્મશાળા છે. મંગવાણૂ તથા ખોંભડીમાં એક એક નિશાળ છે. નિરોણા, વસ્તિ ૧,૪૪૩; અહીં ભાટીઆણુ કુલ્યાણબાઈની ધર્મશાળા છે; અંગીઓ, વિરાણી, અહીં એક એક નિશાળ છે; કોટડો, વસ્તિ ૧,૩૨૫, અહીં એક ગામઠી નિશાળ છે.

ડુંગરી કિલ્લા—સુમરીરોહા, ખોંભડી, નખત્રાણું, બિરાણી, વિંગોડો, કાદીઆય, વિગેરે.

ધર્મની જગા તથા જૂની હકિકત—કકડ ભિટમાં ઇસ્માલશા પીરની, ધીણોધરમાં ઘોરમનાથની, અને ભડલીમાં ગરીબનાથની જગા છે. ઓરીરામાં મીયાં તમાચી, કકડ ભિટપર જખનો મોટો થડો છે, તેને દર વર્ષે ભાદરવાના બીજા સોમવારે મોટો મેળો તથા બજાર ભરાય છે. ત્યાં આસરે દસથી વીસ હજાર માણસો આવે છે. આસરે ૭૦૦ વર્ષ ઉપર પૂંવરા નામે કચ્છના લાખા ફૂલાણીના ભત્રીજાએ એક ગઢ, સુંદર મેડી, અને મહાદેવનું દેવળ બંધાવ્યું હતું તેના ખંડેર હજુ મંજલ અને કકડ ભિટથી અર્ધ ગાઉએ છે. તેને પરદેશી રૂમી લોકોએ મારી લોકોપરનો જુલમ મટાડ્યો તેથી તેઓ દેવતાઈ જખ લોકો હતા એમ માની લોકો તેમની ઘોડેસ્વાર જેવી મૂર્તિ કરી આખા કચ્છમાં પૂજે છે. પાંચસો વર્ષપર ધોરમનાથ નામે એક જોગીએ બાર વર્ષ તપ કર્યું હતું, અને જ્યારે તેણે આંખ ઉઘાડી ત્યારે ઉત્તર તરફનો દરિઓ સુકાઈ તેનું રણ થઈ ગયું એવું કહે છે. ધીણોધરમાં એના ચેલામાંથી એક પીર તરીકે મનાય છે. એ જગ્યા નીચે કેટલાંએક

ગામો છે. તેમાંથી અભ્યાગત તથા ગરીબ લોકોને પોતાના ગુરૂએ ચલાવેલા પરમાર્થ ધર્મમાર્ગ પ્રમાણે બે વખત ખાવાનું આપે છે. ૧,૨૬૮ ફીટની ઉંચાઈના ડુંગર ઉપર શેઠ. સુંદરજી શિવજીએ ધોરમનાથનું દેરૂં બંધાવેલું છે.

નખત્રાણા—(આ થાણામાં ગુંથળીના એક ઘણા જૂના' ગઢનાં ખંડેર છે, ત્યાં આસરે સં० ૧૨૨૫ ને સમયે સાતસાંધ નામે વાઘેલા રાજ કરતા હતા, તેમને સિંધના મોડ અને મનાઈ નામે બે સમા રજપૂતોએ આવી દગાથી મારી, પોતાનું રાજ સ્થાપ્યું, ત્યારથી કચ્છમાં સમા અને તેમના વંશજ જાડેજાનું રાજ થયું.)

લખપત થાણું.

સીમા—પૂર્વે અબડાસો અને નખત્રાણા થાણું, ઉત્તરે રણ, પશ્ચિમે કોરી, અને દક્ષિણે અરબ્બી સમુદ્ર છે. એ મુખ્યત્વે કરીને જૂનાં કંઠ અને ગરડો ભેળીને કરેલો છે. એનું ક્ષેત્રફળ ૮૧૦ ચો. મૈલ છે. એમાં ૧૦૯ ગામ તથા વસ્તિ ૧૭,૯૫૮, માણસની છે, અને નિશાળો ૩ છે.

ડુંગર તથા નદીઓ—ડુંગરની એક ધાર એ થાણામાં છે, તે સાંધોડ, ચામરા, મકડાની રખાલ, ના નામોથી જૂદે જૂદે ઠેકાણે ઓળખાય છે. સિવાય નાની ટેકરીઓ ઘણી છે. ફલીવાળી નદી આસાલડીની ધારમાંથી નીકળી મુવાંરીઆગળ જખૌની ખાડીમાં પડે છે, કાળી નદી પાણંધ્રોની ધારમાંથી નીકળી છેર આગળ થઈ કોરીમાં પડે છે.

જમીન તથા પેદાસ—આ થાણામાં વરસાદની ઘણી ટાંચ રહે છે, જમીન ઘણું કરીને ખારી તેથી કૂવા ખોદાવતાં નીચેથી પાણી ખારૂં નીકળે છે, એટલે વાડીઓ થઈ શકતી નથી. વચલા ભાગની જમીન ડુંગરાળી ને કાંઠાની સારી છે, પણ હવાની ભીનાશને લીધે તેમાં રેચ બહુ રહે છે તેને લોકો સુધારી જાણતા નથી, તેથી ગામો ઘણી વસ્તિવાળાં થતાં નથી, માટે લોકો ઘણો ખરો ઢોર ચારવાનો ધંધો કરે છે. વરસાદ ન હોય તો તેઓ આસપાસના પ્રગણામાં અથવા સિંધ તરફ જતા રહે છે. કચ્છનું સાધારણ ધાન્ય, રૂ, તેલનાં બીજ, વિગેરે પાકે છે. માતાના મઢ આગળ ફટકડી, સુરોખાર, ગંધક,

તથા લોઢાની કાચી ધાતુ, હીરાખાણી ને આશાપુરી ધૂપ નીકળે છે; ઘંટીના પથ્થર, ઠેકાણે ઠેકાણે લોઢું, કાયો, ગેરૂ, ચીનાઇ વાસણના બરની માટી, અને ચાક, એ ઘણું ખરૂં મુંબઈ ચઢે છે. પાણંધ્રો પાસે ઉત્તમ જાતના વટના લોઢાંની એક ઉપધાતુ, અને કોરી પાસે તાંબાની ઉપધાતુ નીકળતી, મીઠું પણ રણમાં અને ખાડીઓને કિનારે બહુ થાય છે.

મુખ્ય ગામ—લખપત બંદર, વસ્તિ ૧,૧૪૨, જમાદાર ફતેમહંમદે પરદેશી હુમલા અટકાવવા તથા સિંધ જીતી લેવા સં. ૧૮૫૭ માં એક જબરો કિલ્લો બંધાવી એ શહેર વસાવ્યું. તે વેપાર અને વસ્તિમાં વધી ગયું હતું, પરંતુ બંધથી તથા ધરતી ઉંચી થઇ જતાં કોરીનું મીઠું પાણી આવતું બંધ થયું, તેથી તે ઉજ્જડ જેવું થઈ ગયું છે. અહીં એક થાણદાર, એક ફોજદાર, અને ગુ. નિશાળ છે. અહીં ખાખ ચોક, દેવળો, તળાવ, અને તેપરની ઝાડી રમણીય લાગે છે, તેમજ ગોસમહંમદનો કૂવો ઉંચી કારીગરી માટે જોવા જેવો છે. માતાજીનો મઢ; અહીં આશાપુરાનું ઘણું જૂનું મંદિર પ્રથમ જામ ફૂલના કારભારી અજા અને અણગોરે આસરે ૭૦૦ વર્ષ ઉપર બંધાવેલું, તે ધરતીકંપથી પડી જતાં શેઠ સુંદરજી તથા શેઠ જેઠા શિવજી તથા મહેતા વલ્લભજી રાજારામે સં. ૧૮૮૦ માં ફરી બંધાવ્યું. નારણસર, વસ્તિ ૯૬૦, એ પુરાતન તીર્થની જગ્યા છે, ત્યાં સારાં સારાં દેવળો બાંધેલાં છે. અહીં એક ગુ. નિશાળ, બ્રહ્મચારી કરસનદાસ ડિસ્પેન્સરી, અને કરસનદાસ લાયબ્રેરી અને સંસ્કૃત શાળા છે. કોટેશ્વર એ પણ નારણસર જેવુંજ પવિત્ર અને પુરાતન તીર્થનું ધામ અને બંદર છે, જ્યાંથી લખપતનો માલ ઉતરે ચઢે છે. એ સિવાય પિપ્પર, ગૂઅર, બેરમોટી, બાઈયોર, અને ધોલાઈ એ નાનાં ગામો છે. સિંધથી પ્રથમ જે મોડ આવ્યો તેના ને મનાયના વંશજ આ પ્રગણામાં રહે છે. જામ હુભાનો સં. ૧૬૧૨ નો પાળીઓ પિપ્પરમાં, અને જામ મોડનો કૂવો ધોલાઇમાં મોડસર તળાવને કાંઠે છે.

જૂની હકિકત તથા ધર્મની જગા—(આ થાણામાં રાવ શ્રી ગોડજીના વખતમાં સિંધના અમીર ગુલામશાહની ફોજસાથે કચ્છની ફોજને ઝારા પાસે મોટી લડાઈ થઈ હતી, તેમાં અમીરની જીત થઇ; પણ પાછળથી અમીર સાંધાણ આગળ માર ખાઇ ગયો હતો. પાછો હુમલો કર્યો ત્યારે સમજાવી પાછો વાળ્યા, પણ કોરીનું મીઠું પાણી રણમાં આવતું તે તેણે સિંધમાં અલીબન્દર પાસે બન્ધ બન્ધાવી કચ્છમાં આવતું અટકાવ્યું, એથી દરબારની ચોખાની પેદાસ ૮ લાખ કોરીની ગઇ. ગરડામાં વાઘમ ચાવડો પાટગઢ આગળ રાજ કરતો હતો. મોડે તેને સિંધથી આવી મારી સમાનું રાજ પહેલાં લખપત અને નરા વચ્ચે સ્થાપ્યું. ગુંથળી અને પાટગઢના હાલ માત્ર ટીંબા તથા ખંડેર છે.)

નારાયણસર અને કોટેશ્વર એ કચ્છમાં સૌથી પુરાતન, પવિત્ર અને પ્રખ્યાત તીર્થનાં સ્થાનો છે, ને વિષે મહાભારતમાં તથા શ્રીમદ્ભાગવત વગેરે પુરાણમાં પણ જણાવેલું છે. કોટેશ્વરનું દેવળ જૂનું હતું તેને ફરીથી પિપ્પર પોલાઇના કેર નામે ઘણા કાળ ઉપર બંધાવેલું, તે ધ્રોસમાં પડી જતાં બ્રહ્મક્ષત્રિય શેઠ સુંદરજી શિવજીએ સં૦ ૧૮૭૭ માં દેવળનો ગઢ, ડેલી, કોટેશ્વરજીનાં તથા કલ્યાણરાયનાં દેવળો, તથા પીરની મેડી, બેઠક, કોઠાર વિગેરે મોટો ખર્ચ કરી બંધાવ્યાં. કોટેશ્વરનું દેવળ બહુ ઉંચું છે ને વહાણવટીને દરિઆમાંથી નિશાની દાખલ જોવાને ઉપયોગી થઈ પડે છે. નારણગરે અસલ તળાવની પાળ બંધાવી તેના ઉપર આદિનારાયણની સ્થાપના કરી જગ્યાનો ઠાઠ વધાર્યો, પુજારી કોટેશ્વરના પીરને નામે ઓળખાય છે. મૂળ કોટેશ્વર દેવસ્થાન, અને ત્યાં જે ગયા કુંડ છે તે મોટું તીર્થ હતું અને નારાયણસર માત્ર તીર્થનું સ્થાન હતું. પણ સં. ૧૭૯૨ માં રાવ શ્રી દેશળજીનાં વાઘેલી રાણી બાઈશ્રી બાઇ રાજબાએ બેટ દ્વારકાની જાત્રા જઇ આવ્યા પછી ત્યાંના જેવા લક્ષ્મીનારાયણ અને ત્રિકમરાયનાં મંદિર નારાયણસરમાં ચણાવ્યાં. કોટેશ્વરમાં ઘણાં મંદિરો છે, જેવાં કે ચપળેશ્વર, શરાણેશ્વર, સમુદ્રમાં ગયા કુંડપાસે કનકેશ્વર (જગદાદો), રૂપેશ્વર, કમળાદેવી, હીંગળાજ, ને ભદ્રકાળીનાં દેવળો, તથા સૂરજકુંડ અને રામકુંડ છે. નારાયણસરમાં ત્રિકમરાય, લક્ષ્મીનારાયણ, આદિનારાયણ, સિવાય ગોરધનનાથ, દ્વારકાનાથ, લક્ષ્મીજી, કુંવરકલ્યાણરાય, ભવેશ્વર, મહાપ્રભુજીની બેઠક, રામચન્દ્રજીનું, પલ્લીવાળ ચાંપશીનું, રામનાથનું, વિગેરે ઘણાં મંદિરો, સ્વામી વાસુદેવની બંધાવેલી બ્રહ્મપુરી, નારાયણસર તળાવ, સીતાવાવડી, અને રામકૂવો

છે. અહીં કાર્તિક શુદિ ૧૫ તથા ચૈત્ર શુદિ ૧૫ ની યાત્રા ભરાય છે, ત્યારે કચ્છ તથા બીજે દેશાવરથી આસરે ૧૦,૦૦૦ માણુસો આવે છે. કુંડમાં એક રામવાડા નામનું સુશોભિત વન છે ત્યાં શેઠ સુંદરજી શિવજીનું બંધાવેલું દેવળ છે, નારાયણસર જતાં ખાડીમાં ચિખલ થાય છે તે ઉપર મુંબઇના ગોકળદાસ લીલાધર પાતસાએ મોટો પૂલ બંધાવ્યો છે. નારાયણસર જતાં જંગલમાં રાખડી નદી ઉપર હીરજી ચાચાએ એક વિશાળ ધર્મશાળા અને મોટી સેલોરવાવ બંધાવી છે.

માતાજીના મઢમાં આશાપુરાનું મંદિર, તથા ચાચરા કુંડ, અને ચાચરા માતાનું તથા હીંગળાજનું મંદિર છે. **મઢ,** અહીં નવરાત્રનો મોટો મેળો ભરાય છે. અહીંનો પુજારી રાજાને નામે ઓળખાય છે. ઉપરાંત અહીં કરાકાસમનો મોટો મેળો થાયછે.

પર ઇલાકામાં કચ્છનાં મુખ્ય ગામો, હક્કો વિગેરે.

કાઠીઆવાડમાંનાં **ઓખા**માં કચ્છીગઢ, હુાલારમાં **ઝિંઝોડા**નું બંદર, **જોડીઆ** બંદરમાં હક્કો, **મચ્છુ** કાંઠામાં **વવાણીઆ**નું **બંદર** (એ ખાલસાનાં), ને (ભાઇયાતી લાકડીઆનું) **ગાળા**, **સિંધ**માં **કોટડી** તથા **બસ્તાબંદર** ટીં૦ છે.

પાલનપુર એજન્સીમાં ભાઇયાતી ગામો તથા હક્કો:—સાંતલપુર, **આડેસર** ને **સણવા**નાં અર્ધાઅર્ધ, વઉવા, **ધાડ**સઇ, કલ્યાણપર એ **આડેસર** એકલાનાં, અને **બાબરા**, **પર**, **આરણકુ** એમાં હકુમત ને વેરો **આડેસર**નો, **ને** બુરા ભાગમાં ગરાસીઆની પાંતી, **વઉવા**, **રણમલપર**, **માણુસમુ**, અને **દાતરાણું** એ **સણવા**નાં છે, પણ વઉવામાં એની માત્ર પાંતી જ છે.

કચ્છના ડુંગરોની સમુદ્રની સપાટીથી ઉંચાઇ.

કાળો	૧,૪૩૭	**રોઝલો**	૧,૦૬૨	**રોહા**	૮૭૧
નનામો	૧,૪૨૪	**કુરગરીઆ**	૧,૦૫૫	**ધોળો**	૭૧૪
ધીણોધર	૧,૨૬૮	**વેહાર**	૧,૦૧૨	**હાથડીઆ**	૬૯૩
ખાત્રોડ	૧,૪૨૧	**ચાડવા રખાલ**	૯૯૪	**ઝૂરણ**	૬૨૩
રાજલો	૧,૧૪૧	**હબાયમાં બોલાડી**	૯૭૪	**ચિત્રાણો**	૬૧૨
ધ્રબવો	૧,૧૩૩	**ચાડવા**	૯૬૧	**ભૂજીઓ**	૫૦૦
હબાય	૧,૧૨૬	**કોરી કૂઓ**	૯૨૪	**ચિત્રોડના ડુંગર,**	૪૮૯
વારાર	૧,૧૨૫	**ઝારો**	૮૯૩	**કુંથકોટના ,,**	૪૬૨

રાવસાહેબ દલપતરામ પ્રાણજીવન ખખ્ખર કૃત

(ટપાલખર્ચ જુદું)

૧ **અભિજ્ઞાન શકુન્તલા નાટકનું ગુજરાતી ભાષાંતર** (યુનિવર્સિટિની પરીક્ષામાં, સ્કૂલોમાં, રાજકુમાર કૉલેજમાં, તથા સિવિલ સર્વન્ટોની 'ઑનર્સ' એક્ઝામીનેશનમાં ટેક્સ્ટ બુક તરીકે સરકારે મંજૂર કરેલું છે; શકુન્તલા તથા તેની બે સખીઓ તથા દુષ્યંતરાજાની તસ્વીર તથા વિસ્તારવાળી ટીકા સાથે)

૨ **શેઠ વરજીવનદાસ માધવદાસનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર** બોધ લેવા લાયક અને શેઠના ફોટોગ્રાફ સાથે

૩ **આરક્યોલૉજી ઑવ કચ્છ, ઇંગ્રેજીમાં** જુના લેખો તથા ચિત્રો સહિત (સરકારી બુકડિપોમાં) ૧-૧૪-૦

૪ **કચ્છની મોટી ભૂગોળ વિદ્યા** (ફક્ત ૨ પ્રતો છે.) ૧-૮-૦

૫ **કચ્છના નકશાની છૂટી નકલ** ૦-૦-૬

રા. રા. મગનલાલ દલપતરામ ખખ્ખરકૃત:—

૬ **શ્રીજગડૂચરિતનું ભાષાંતર** ઇનામ તથા લાયબ્રેરિ માટે સરકારે મંજૂર કરેલું, તેમાં જગડુશા મહાત્માની કેટલીએક રસિક કથાઓ, ઐતિહાસિક ટીકા, તથા અસલ સંસ્કૃત સાથે થોડી પ્રતો રહી છે. ૧-૦-૦

૭ **"સુન્દર સોદાગર"** એક ઐતિહાસિક નવલકથા (અંગ્રેજ સરકારના પહેલા નેટિવ એજંટ) તેમની તથા તેમના ભાઈ શેઠ જેઠાભાઈ તથા રાવસાહેબ દલપતરામની તસ્વીરો તથા સંક્ષિપ્ત જીવનકથા અને પુષ્કળ જાણવા લાયક ઐતિહાસિક હકિકત સાથે. ૨-૮-૦

૮ **તીર્થયાત્રા વર્ણન** પ્રયાગ, કાશી, ગયા, જગન્નાથપુરી, દ્વારિકાપુરી, શ્રીરંગજી કન્યાકુમારી, પદ્મનાભ, જનાર્દન, રામેશ્વર વિગેરે પવિત્ર સ્થલોનું તથા મથુરાની વ્રજભૂમિની વનયાત્રાના રસિક વર્ણન સાથે. ૧-૬-૦

મગનલાલ દલપતરામ ખખ્ખર,

રાવસાહેબ ખખ્ખર બિલ્ડિન્ગ્સ

માધવબાગ, ગિરગામ, મુંબાઈ